Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैन धर्म प्रकाश.

पिता योगाभ्यासो विषयविरतिः सा च जननी ।
विवेकः सोदर्यः प्रतिदिनमनीहा च भगिनी ॥
प्रिया क्षांतिः पुत्रो विनय उपकारः प्रियसुहृत् ।
सहायो वैराग्यं गृहमुपशमो यस्य स सुखी ॥ १ ॥

પુસ્તક ૩૩ મું. ] ભાદ્રપદ. સંવત ૧૯૭૩. વીર સંવત ૨૪૪૩. [ અંક ૬ ઠ્ઠો.

श्री जेवंतमुनि कृत

## कका–बत्रीशी.

કકા કરમની વાત, કરી કમાઇ ભોગવે;
શુભ અશુભ જે હોય, ભોગવ્યા વિણ છુટે નહીં. ૧
ખખા ખિણ ખિણ આયુ જાય, ચેતવું હોય તો ચેતજો;
બાહ્ય અભ્યંતર આથ,[1] જિહાં મૂકી તે તિહાં રહી. ૨
ગગા ગુરૂવચન મન લાવ, ગુરૂ વિના જ્ઞાન ન પામીએ;
સદ્ગુરૂ સાચો માન, સદ્ગુરૂ જ્ઞાન હિયડે ધરો. ૩
ઘઘા ઘર કુટુંબ પરિવાર, સ્વારથિયો સહુકો સગો;
તારૂં ન દીસે કોય, ભોગવીશ પ્રાણી એકલો. ૪
ઙઙા ઙ (ન) કરીશ સ્નેહ, પરનારીશું પ્રીતડી;
મન ચિત્ત રાખો ઠાર, પરનિંદા તું પરહરે. ૫
ચચા ચારે નિવાર, ક્રોધ લોભ મદ મોહને;
ચાર દાવાનળ જાણ, કરી કમાઇ હારીએ. ૬
છછા છોડ સકળ સંસાર, એ સંસાર અસાર છે;
મત તું જાણે સાર, અંતે કો કેહનો નહીં. ૭
જજા જન્મ મરણ અનંત, અતિ ઘણા ભવ તેં કર્યા;

1 લક્ષ્મી.

For Private And Personal Use Only

છેદન ભેદન અપાર, પર પરશું પ્રણુમાવિયા. ૮
ઝઝા ઝીલ્યો સકળ સંસાર, જાગીને જોયું નહીં;
ઝુલ્યો મોહની જાળ, નિરંજન નામ ન ઓળખ્યું. ૯
ઞઞા ઞર (હણ) વિષ ધરજો ધ્યાન, વિષની વેલ તે કાપજો;
કરજો દયા અભિરામ, સિંચે અમૃત નિરમળા. ૧૦
ટટા ટાળ કુગુરૂ કુદેવ, સદગુરૂ સાચો માનજો;
દેય ધર્મ ઉપદેશ, સુગતિ તણા સુખ પામશો. ૧૧
ઠઠા ઠાલે હાથે જાય, જન્મ પામી ધર્મ નવી કર્યો;
મરી સર્પ વિષધર થાય, ધન ઉપર ધાતો રહ્યો. ૧૨
ડડા ડંસ હૈએ મ રાખ, ડંસથી દુરગતિ પામીએ;
ડંસ દાવાનળ જાણુ, કરી કમાઇ હારીએ. ૧૩
ઢઢા ઢુંઢયો સકળ સંસાર, નિશ્ચે ગુરૂ કોઇ નવિ મળ્યો;
કેહના વંદુ પાય, જેહ મળ્યા તે લાલચી. ૧૪
ણુણુા રણુની વાટે જાય, પ્રાણી જાવું એકલું;
સંબળ તું લેજે સાથ, આગળ નથી હાટ કે વાણીઓ. ૧૫
તતા તજે તું રાગ ને દ્વેષ, સામાયિક પોસહ સાચવે;
નવતત્ત્વ મનમેં ધાર, સમકિત શુદ્ધ આરાધીએ. ૧૬
થથા થરથર કંપે દેહ, મનમાં લાલચ અતિ ઘણી;
પાંચે[1] પરવશ થાય, ધર્મ ઉદય આવે નહીં. ૧૭
દદા દેજે સુપાત્રે દાન, જીવદયા પ્રતિપાળજે;
રાખજે મન ઉપગાર, રાત્રિભોજન નિવારજે. ૧૮
ધધા ધન તેં જોયો જાય, ધર્મનો ભેદ જાણ્યો નહીં;
દા હું તો દિનરાત, સમતા મન આવે નહીં. ૧૯
*પપા પરપિડા તું જાણુ, સૌ જીવની રક્ષા કરો;
આપણા જીવ સમાન, પરના પ્રાણને જાણજો. ૨૦
ફફા ફર્યો અનંતી વાર, ત્રણ લોકમાં વળી વળી;
તોયે ન પામ્યો પાર, કાંઇ સમજાણો નહીં. ૨૧
બબા બે કર જોડ, સકળ સાધુને વાંદીએ;
મ કરે કેહની વાત, નિંદા કરજે આપણી. ૨૨

---

૧ પાંચે ઇંદ્રીઓ,

* 'ન' કેમ રહી ગયો છે તે સમજાતું નથી.

ભભા ભણ્યો તું ચારે વેદ, આપોપું આવે નહીં[1];
પરને દે આશીષ, આપ કીશ્યું સમજે નહીં. ૨૩
મમા મનુષ્ય જનમ પાય, ત્રણ દહા તું પાળજે;
જીવ દયા મન આણ, દાન દેજે મનને દસે. ૨૪
યયા ય (જ)નમ[2] મઝાર, ઉંધે શિર દુ:ખ ભોગવ્યાં;
માતા ઉદર મોઝાર, સાતે નરકથી આકરાં. ૨૫
રરા રતન ચિંતામણિ હાથ, કાંકરે મત હારીએ;
જોતે સકળ સંસાર, પાંચે ઇંદ્રી વશ કરો. ૨૬
લલા લે ભગવંતનું નામ, નામે નરભવ પામીએ;
નામે નિરમળ કાય, આવાગમન નિવારીએ. ૨૭
વવા વારી ખાય, પ્રાણી તું બેસી રહ્યો;
ન કરી શકયો કોઈ ઉપાય, આગળ ઘણાં દુ:ખ પામશો. ૨૮
શશા શ (સ) ત્ય શિયળ તું પાળ, શિળે વિષધર વેગળા;
શિળે સિંહ શિયાળ, શિળે અગન ન આભડે.[3] ૨૯
ષષા ષો (ખો)ળી જુઓ ઘરમાંહે, ધર્મ અધર્મ ઘટમાં વસે;
પાળો શુદ્ધજ ધર્મ, જિમ શિવગતિસુખ ભોગવો. ૩૦
સસા સાત વ્યસન નિવાર, વ્યસનથી વહાલા વેગળા;
વ્યસને જીવની હાણ, પાયે[4] પાણી ઉતરે. ૩૧
હહા હરખ હૈયામાં અપાર, હરખે કકા જોડીયા;
કલ્યાણ વૃદ્ધ પસાય, શ્રી જેવંતમુનિ ઇમ ભણે. ૩૨

## ચેલાનાં ફૂલડાં.

### (અર્થવાળી હરીયાળી.)

શ્રી વીર નિર્વાણ પછી ૧૪૮ વર્ષે શ્રી યશોભદ્રસૂરિ થયા, તેમને એક બાળ શિષ્ય હતો, તે બાલ્યાવસ્થાના કારણથી અનેક પ્રકારની બાળચેષ્ટા કરતો, તેથી તેને રમતિબાળ કહેતા હતા. એક દિવસ ઇરિયાવહી પડિક્કમતાં કાઉસગ્ગમાં બહુ વખત થયો, એટલે ગુરૂએ કહ્યું કે ' હે શિષ્ય! હજુ કાઉસગ્ગ કેમ પારતો નથી ? ' એટલે શિષ્યે કાઉસગ્ગ પાર્યો. પછી ' વધારે વાર કેમ લાગી ? ' એમ પૂછતાં શિષ્યે કહ્યું કે ' હે ભગવન્! મેં કાઉસગ્ગમાં બાળકનાં ફૂલડાં બનાવ્યાં તેમાં વધારે વખત લાગ્યો. ' એટલે

૧ પોતાને ઓળખે નહીં. ૨ ગર્ભમાં, ૩ અગ્નિ બાળી ન શકે. ૪ પગે.

ગુરૂએ કહ્યું કે ' કેવા બનાવ્યા છે તે કહી બતાવ. ' શિષ્યે નીચે પ્રમાણે ગાઈ બતાવ્યાં અને તેના અર્થ પણ કહ્યાં. એ ફૂલડાં સં. ૧૯૮૦ માં એક પાનાપર લખાયેલા નજરે પડતાં અમારા વાંચનારાને તેનો લાભ આપવા સારૂ અત્ર નીચે આપવામાં આવ્યા છે.

સખીરે મેં તો કૌતુક દીઠું, કાણો ડોળો આંજ્યો એ. ૧

ભાવાર્થ—સમ્યક્ત્વ રહિત જીવ મુક્તિ વાંછે તે કૂટો ડોળો આંજીને શોભા કરે છે એમ સમજવું. ૧

સખીરે મેંતો કૌતુક દીઠું, હાથ વિછુટો હાથીયો એ. ૨

જે પ્રાણી મનુષ્ય ભવ પામીને ધર્મ ન કરે તેને હાથેથી હાથી છુટી ગયો એમ સમજવું. ૨

સખી રે મેં૦ કુંઆરી કાંડે ચડી એ. ૩

જે પુન્ય રહિત કાયા જાય તે કુંવારી કાંડે ચડી એમ સમજવું. ૩

સખીરે મેં૦ કુસારો કહી કુણ મરે એ. ૪

ચારે આહારના પચ્ચખ્ખાણ કરી નવકાર સંભારતાં મરણ પામવું તે કુસારૂ મરણ કહીએ પણ તેમ કોણ મરે છે ? ૪

સખીરે મેં૦ બોડે માથે રાખડી એ. ૫

જે ચારિત્ર લઈ માથે કેશ રાખે, નખાદિકની સુશ્રુષા ( શોભા ) કરે તે બોડે માથે રાખડી બાંધી કહીએ. ૫

સખીરે મેં૦ તરસ્યો પાણી નવી પીએ એ. ૬

ધનની તૃષ્ણા છતાં પાણી રૂપીઓ ધર્મ ન કરે, એમ ન જાણે કે ધર્મ કરવાથીજ ધન પામીએ, તેને તરસ્યો છતાં પાણી પીતો નથી એમ સમજવું. ૬

સખી૦ બેટે બાપ વિણાસીઓ એ. ૭

મનરૂપી પુત્રે આત્મારૂપી પિતાને રૌદ્રધ્યાનવડે વિણાસ્યો એમ સમજવું. ૭

સખી૦ ફળીઓ આંબો કાપીઓ એ. ૮

જન્મ પર્યંત વ્રત ( ચારિત્ર ) પાળ્યા પછી વૃદ્ધાવસ્થામાં સાંસારિક વિષયસુખને જે ઇચ્છે તેણે કંડરિકની જેમ ફળેલો આંબો કાપ્યો એમ સમજવું. ૮

સખી૦ સુઅરે હાથી મારીઓ એ. ૯

કંદર્પરૂપી સુઅરે ( ભુંડે ) બ્રહ્મવ્રત રૂપીઓ હાથી માર્યો એમ સમજવું. ૯

સખી૦ વિષ પીએ હરખિત હુઓ એ. ૧૦

વિષ સમાન કામભોગને આ પ્રાણી હર્ષિત થયો થકો—ખુશી થતો થતો પીએ છે—ભોગવે છે એમ સમજવું. ૧૦

સખી૦ વિણ પુરૂષે રમણી રમે એ. ૧૧

પુન્યરૂપ પુરૂષ વિના શરીર રૂપી રમણી સાથે વિષયલુબ્ધ પ્રાણી રમે છે એમ સમજવું. ૧૧

સખી૦ એક નારી પરણે ઘણા એ. ૧૨

એક તૃષ્ણારૂપ નારીએ ઘણા પ્રાણીઓને પરણીને લોભાવ્યા છે એમ સમજવું. ૧૨

સખી૦ ગરૂડ નાગે વિદારીઓ એ. ૧૩

" હે સુમન ! ગરૂડરૂપી આત્મા તેને ગવેષણાવિના ક્રોધરૂપીઆ નાગે આકુળ વ્યાકુળ કરી નાખ્યો અથવા વિદારી નાખ્યો-હેરાન કર્યો. " ૧૩

સખી૦ ગયવરે સિંહ સામો ગળ્યો એ. ૧૪

" આ જીવરૂપીઓ સિંહ તેને માનરૂપીઆ હાથીએ ઉલટો ગળી લીધો. માન આત્માને ગળી ગયો-જીવ તેને વશ થઇ ગયો. " ૧૪

સખી૦ કીડીએ કરહઓ બાંધીઓ એ. ૧૫

" તૃષ્ણા અથવા માયારૂપી કીડીએ આત્મારૂપી કરભ જે ઉંટ તેને બાંધી લીધો-પોતાની જાળમાં સુંઝવી દીધો. " ૧૫

સખી૦ સાયરે માછા સવી ગળ્યા એ. ૧૬

" લોભરૂપીઓ સમુદ્ર સર્વ પ્રાણીઓરૂપ મચ્છોને ગળી ગયો. " ૧૬

સખી૦ એકે પાંચ વિણાસીઆ એ. ૧૭

" એક મોહે પાંચ મહાવ્રતોને વિણાસ્યા, તે માટે કોઇ પણ રીતે મોહને છાંડવો. " ૧૭

સખી૦ માય મુઈ પુત્ર નવિ રડે એ. ૧૮

" આ ભવશ્રેણીરૂપ માતા તેનો નાશ થયે-મરણ પામ્યે આ પ્રાણી જે તેના પુત્રને સ્થાનકે છે તે નથી રડતો-અર્થાત્ તે પુત્ર જ તેનો વિનાશ કરે છે. " ૧૮

સખી૦ વૈરી ઘરમાંહી રહે એ. ૧૯

" આ શરીરરૂપીયું ઘર તેમાંજ મૃત્યુરૂપી વૈરી રહેલો છે. " ૧૯

સખી૦ નારીએ પ્રિયતમ બાંધીઓ એ. ૨૦

" નારીરૂપી કાયાએ પુરૂષરૂપી પ્રિયતમને સાંસારિક સુખરૂપ બંધને બાંધી લીધો છે, જેથી તે તેમાંજ લીન થઈને રહે છે. " ૨૦

સખી૦ બાંધ્યો ચોર ચોરી કરે એ. ૨૧

" આ મનરૂપીઓ ચોર તેને સામાયિક વ્રત પચ્ચખ્ખાણરૂપ બંધને બાંધી લીધાં છતાં તે આર્ત્ત રૌદ્રાદિ ધ્યાને કરીને આત્મિક ધનની ચોરી કરે છે. " ૨૧

સખી૦ પંથ લહી ભૂલો ભમે એ. ૨૨

" જિનવરના કહેલા ધર્મરૂપી પંથને-માર્ગને પામ્યા છતાં ઉત્કટ ઇંદ્રિયોના વિષયને વશવર્તી પ્રાણી ધર્મમાર્ગે ન ચાલતાં સંસારમાં પરિભ્રમણ કરે છે. " ૨૨

સખી૦ વિણ સુખે સુખીઓ કિમ થયો એ. ૨૩

" હે દક્ષ ! વિષયજનિત સુખ વિના મોક્ષે પહોંચેલા જીવો અનંત સુખ ભોગવે છે-ખરા સુખીઆ થયા છે. " ૨૩

ઇતિ.

## પ્રશમરતિ પ્રકરણ.

અર્થ ભાવાર્થ સહિત.

( લેખક—સન્મિત્ર કર્પૂરવિજયજી. )

અનુસંધાન પૃષ્ટ ૧૩૬ થી.

કેવા પ્રકારે તે મહાશય મોહનું ઉન્મૂલન કરે છે તે હવે શાસ્ત્રકાર કહે છે.

पूर्वं करोत्यनन्तानुबन्धिनाम्नां क्षयं कषायाणाम् ।
मिथ्यात्वमोहगहनं क्षपयति सम्यक्त्वमिथ्यात्वम् ॥ २५९ ॥
सम्यक्त्वमोहनीयं क्षपयत्यष्टावतः कषायांश्च ।
क्षपयति ततो नपुंसकवेदं स्त्रीवेदमथ तस्मात् ॥ २६० ॥
हास्यादि ततः षट्कं क्षपयति तस्माच्च पुरुषवेदमपि ।
संज्वलनानपि हत्वा प्राप्नोत्यथ वीतरागत्वम् ॥ २६१ ॥

અર્થ—પ્રથમ તે અનંતાનુબંધી કષાયોનો ક્ષય કરે છે, પછી મિથ્યાત્વ મોહનીય, મિશ્ર મોહનીય, સમકિત મોહનીયનો ક્ષય કરે છે, તે પછી આઠ કષાય (અપ્રત્યાખ્યાની તથા પ્રત્યાખ્યાની), તે પછી નપુંસક વેદ અને સ્ત્રી વેદ, પછી હાસ્યાદિ ષટ્ક, તે પછી પુરૂષવેદ, પછી સંજ્વલન કષાયોને અનુક્રમે હણીને તે વીતરાગપણું પામે છે. ૨૫૯–૨૬૦–૨૬૧

ભાવાર્થ—ક્ષપકશ્રેણિનું સ્વરૂપ બતાવે છે:-તેને આરોહતો પ્રથમ અનન્તાનુબંધી (ક્રોધ, માન, માયા, લોભ) કષાયને ખપાવે છે. પછી જેમાં ગાઢો મોહ છે એવા મિથ્યાત્વ મોહનીય, તે પછી મિશ્ર મોહનીય, તે પછી સમ્યકત્વ મોહનીયને ખપાવે છે. ત્યારબાદ અપ્રત્યાખ્યાન કષાયની ચોકડી અને પ્રત્યાખ્યાનાવરણ કષાયની ચોકડીને ખપાવે છે, પછી નપુંસકવેદને અને પછી સ્ત્રીવેદને ( ક્ષપકશ્રેણી આરોહતો પુરૂષ હોય તે) ખપાવે છે. જો સ્ત્રી શ્રેણી આરોહતી હોય તો સ્ત્રીવેદને પછી ખપાવે છે અને નપુંસક આરોહતો હોય તો નપુંસક વેદને પછી ખપાવે છે. પછી હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, દુગંછા એ છ ને ખપાવે છે. પછી પુરૂષ વેદને અને પછી સંજ્વલન કષાયોને ખપાવી વીતરાગપણાને પામે છે. અઠ્ઠાવીશ પ્રકારના મોહનું ઉન્મૂલન કર્યે છતે તેઓ વીતરાગ થાય છે. ૨૫૯–૨૬૦–૨૬૧

सर्वोद्घातितमोहो निहतक्लेशो यथा हि सर्वज्ञः ।
भात्यनुपलक्ष्यराह्वंशोन्मुक्तः पूर्णचन्द्र इव ॥ २६२ ॥

અર્થ—મોહનો જેણે સર્વથા ઉચ્છેદ કર્યો છે અને ક્લેશનો સમગ્રપણે નાશ કર્યો છે એવા તે સર્વજ્ઞ ની પેઠે, નહીં દેખાતા એવા રાહુના અંશથી સર્વથા મુક્ત થયેલા પૂર્ણચંદ્રની જેમ શોભે છે. ૨૬૨

ભાવાર્થ:—જેણે સર્વ મોહનો (સર્વથા) નાશ કર્યો છે અને સર્વ ક્લેશોનો અંત કર્યો છે, અર્થાત્ ક્લેશકારી કષાયોનો નાશ કર્યો છે (મોહની પ્રકૃતિરૂપજ કષાયો હોવાથી મોહનો અંત કરવા સાથેજ તેનો અંત થઈ જાય છે તેમ છતાં તે કષાયો અતિ દુર્દમ હોવાથી અહીં જુદા બતાવવામાં આવેલા છે ) એવો તે મહાશય સંપૂર્ણ કેવળજ્ઞાન કળાવાન્ સર્વજ્ઞની પેઠે શોભે છે. જેમ રાહુથી સર્વથા મૂક્ત થયેલ સંપૂર્ણ ચંદ્ર શોભે છે, તેમ મોહથી મુક્ત થયેલ તે મહાશય સંપૂર્ણ જ્ઞાન કળાવાન્ સર્વજ્ઞની પેઠે શોભે છે. ૨૬૨.

પ્રકરણકારે માત્ર સંક્ષેપથી ક્ષપકશ્રેણીનો ક્રમ જણાવ્યો છે હવે તે વિસ્તારથી બતાવવામાં આવે છે.

પ્રથમ અનન્તાનુબન્ધી ચારે કષાયને એક સાથે ખપાવે છે. બાકી રહેલો તેનો અનન્તમો ભાગ મિથ્યાત્વમાં નાંખી મિથ્યાત્વને ખપાવે છે. મિથ્યાત્વનો પણ શેષ ભાગ સમ્યગ્‌મિથ્યાત્વ (મિશ્ર) માં નાંખી તેને ખપાવે છે. તેમાંનો શેષ સમ્યક્ત્વ મોહનીયમાં નાખી તેને પણ ખપાવે છે. જો પ્રથમ આયુષ્યનો બંધ પાડ્યો હોય તો એ સાત પ્રકૃતિનો ક્ષય કરી ત્યાંજ અટકી જાય છે, આગળ ઉપર ચઢતો નથી. પણ જો પહેલાં આયુષ્ય બાંધ્યું ન હોય તો વચમાં અટક્યા વગરજ સતત્ સકળ શ્રેણી ઉપર ચઢે છે, અર્થાત્ તે શ્રેણી પૂરી કરે છે. એટલે પછી અપ્રત્યાખ્યાની અને પ્રત્યાખ્યાની એ આઠ કષાયને ખપાવે છે. સર્વત્ર જે ખપાવતાં બાકી રહ્યું તે આગળ ખપાવવામાં આવે છે. આઠે કષાયોનો સંખ્યાતમો ભાગ ખપાવતો વિમધ્યભાગે નામકર્મની આગળ કહેવામાં આવતી તેર પ્રકૃતિઓ ખપાવે છે—નરકગતિ અને તિર્યગ્ગતિ, એક બે ત્રણ ચાર ઇન્દ્રિય જાતિ, નરક અને તિર્યંચગતિની અનુપૂર્વી, અપ્રશસ્ત વિહાયોગતિ, સ્થાવર, સૂક્ષ્મ, અપર્યાપ્ત અને સાધારણ શરીર નામ, તથા નિદ્રાનિદ્રા, પ્રચલાપ્રચલા અને સ્ત્યાનર્દ્ધિ એવં ૧૩. પછી આઠે કષાયોનો જે અવશેષ રહેલ હોય તેને ખપાવે છે. પછી નપુંસક વેદ અને સ્ત્રીવેદને, ત્યારપછી હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સાને ખપાવે છે. પછી પુરૂષવેદના ત્રણ ભાગ કરી તેના બે ભાગને એકી સાથે ખપાવે છે. ત્રીજા ભાગને સંજ્વલન ક્રોધમાં પ્રક્ષેપી ક્રોધના પણ ત્રણ ભાગ કરી તેના બે ભાગ એક સાથે ખપાવી ત્રીજો ભાગ સંજ્વલન માનમાં નાંખી સંજ્વલન માયાના પણ ત્રણ ભાગ કરી તેના બે ભાગ એક સાથે ખપાવી ત્રીજો ભાગ સંજ્વલન લોભમાં નાંખી લોભના પણ ત્રણ ભાગ કરી

તેના બે ભાગ એક સાથે ખપાવી ત્રીજા ભાગના સંખ્યાતા ખંડો કરે. તે બાદર ખંડોને ખપાવતો બાદર સંપરાય કહેવાય છે. તેમાં જે છેલ્લો સંખ્યાતમો ભાગ રહે તેના અસંખ્યાત ખંડો કરે, તે બધા અનુક્રમે ખપાવતો સૂક્ષ્મ સંપરાય કહેવાય છે. તે સઘળા અંશો સંપૂર્ણ ક્ષીણ થયે છતે નિગ્રંથ થઈ મોહસાગરનો પાર પામે છે. મોહ મહાસાગરનો પાર પામી અંતર્મુહૂર્ત સુધી અગાધ સમુદ્ર ઉતરી પાર પામેલા પુરૂષની પેરે વિશ્રાન્તિ લેય છે. વિશ્રાન્તિ લઈ અંતર્મુહૂર્તના બે સમય બાકી રહેતાં તે બે સમયમાંના પહેલા સમયે નિદ્રા અને પ્રચલા એ બે પ્રકૃતિને ખપાવે છે અને છેલ્લાસમયે પાંચ પ્રકારનાં જ્ઞાનાવરણ, ચાર પ્રકારનાં દર્શનાવરણ તથા પાંચ પ્રકારના અંતરાયને એકી સાથે ખપાવી કેવળજ્ઞાન પામે છે. એ રીતે ૧૨૨ પ્રકૃતિમાંથી ૬૦ પ્રકૃતિ ક્ષય થયે છતે કેવળજ્ઞાનનો લાભ પ્રાપ્ત હોય છે. ૨૬૨

તે ક્ષપકશ્રેણીમાં વર્તનારની કેવી અવસ્થા હોય છે તે ગ્રંથકાર કહે છે—

सर्वेन्धनैकराशीकृतसंदीप्तो ह्यनन्तगुणतेजाः ।
ध्यानानलस्तपःप्रशमसंवरहविर्विवृद्धबलः ॥ २६३ ॥
क्षपकश्रेणिमुपगतः स समर्थः सर्वकर्मिणां कर्म ।
क्षपयितुमेको यदि कर्मसंक्रमः स्यात्परकृतस्य ॥ २६४ ॥

અર્થ—સર્વ ઈંધનના સમુદાયને એકઠા કરવાથી પ્રદીપ્ત થયેલો, અનંતગુણ તેજવાળો, તપ વૈરાગ્ય અને સંવરરૂપ હવિવડે વિશેષ વૃદ્ધિ પામેલા બળવાળો ધ્યાનાનળ, ક્ષપકશ્રેણીને પ્રાપ્ત કરીને, જો અન્ય જીવકૃત કર્મનો તેનામાં સંક્રમ થતો હોય તો સર્વ જીવોનાં કર્મ ક્ષય કરવાને તે એકલો સમર્થ છે. ૨૬૩–૨૬૪

ભાવાર્થ:–સર્વ ઇન્ધનોને એકઠાં કરી સળગાવ્યા હોય ત્યારે તેમાં લાગેલો અગ્નિ જેવો દહે તેવો, અનન્ત ગુણ તેજવાળો ધ્યાનાગ્નિ કે જેની શક્તિ બાર પ્રકારના તપ, કષાયજયરૂપ પ્રશમ અને આશ્રવનિરોધરૂપ સંવર તદ્રૂપ ઘીના પ્રક્ષેપથી પ્રબળ થયેલી છે. ૨૬૩

જો કે પરકૃત એટલે અનેરા જીવોએ કરેલાં કર્મોનો તે ક્ષપકશ્રેણીગત જીવના કર્મોમાં સંક્રમ થઇ શકતો જ નથી, પરંતુ જો તે થઇ શકતો હોય તો ક્ષપકશ્રેણિ ઉપર આરૂઢ થયેલને જે ધ્યાનાનળ પ્રદીપ્ત થાય છે તે, કર્મવાળા સકળ સંસારી જીવોના કર્મ માત્રને ક્ષય કરવા એકલો જ સમર્થ થાય. એટલે સર્વ જીવોનાં કર્મને તે ધ્યાનાગ્નિ બાળી શકે. ૨૬૪

૧ ઘૃતાદિક હવ્ય પદાર્થ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એજ વાતને સુસ્પષ્ટ કરતા છતા શાસ્ત્રકાર કહે છે—

परकृतकर्मणि यस्मान्नाक्रामति संक्रमो विभागो वा ।
तस्मात्सत्त्वानां कर्म यस्य यत्तेन तद्वेद्यम् ॥ २६५ ॥

અર્થ—જે કારણ માટે અન્યકૃત કર્મને વિષે અન્યકૃત કર્મ સંક્રમતા નથી અથવા વહેંચાતા નથી, તે કારણ માટે જે જેનાં કરેલાં કર્મ હોય તે તેણેજ વેદવાં જોઇએ. ૨૬૫

ભાવાર્થ—બીજા જીવોએ કરેલાં કર્મ એટલે અન્ય કોઇએ કર્મ કરેલ છે તે બીજા કોઇના કરેલાં કર્મમાં સંક્રમી શકતા નથી. કોઇ શંકા કરે કે કદાચ બધાં કર્મ સંક્રમી ન શકે પણ તેનો એક દેશ (વિભાગ) સંક્રમી શકે કે કેમ? તેનું સમાધાન કરે છે કે—પરકૃત કર્મનો એક દેશ–વિભાગ પણ અન્યત્ર સંક્રમી શકે નહિ. કેમકે એમ થવાથી તો કૃતનાશ અને અકૃતાભ્યુપગમ નામના દોષ લાગુ પડે, તેથી પ્રાણીનાં કર્મ જે જેનાં તે તેણે જ વેદવાં–અનુભવવાં જોઇએ. પણ તેની અન્યત્ર સંક્રાન્તિ–સંક્રમણ થાય નહિ. ૨૬૫

હવે મોહનીય કર્મનો ક્ષય થતાં શેષ કર્મનો અવશ્ય ક્ષય થાય તે બતાવે છે—

मस्तकसूचिविनाशात्तालस्य यथा ध्रुवो भवति नाशः ।
तद्वत्कर्मविनाशो हि मोहनीयक्षये नित्यम् ॥ २६६ ॥

અર્થ—જેમ તાડના શિખર ઉપર થયેલી[1] સૂચીનો[2] નાશ થવાથી નિશ્ચયે તે (તાડ)નો નાશ થાય છે તેમ મોહનીય કર્મનો ક્ષય થયે છતે સમસ્ત કર્મનો નિયમા નાશ થાય છે. ૨૬૬

ભાવાર્થ—તાડવૃક્ષના મસ્તકે જે સૂચિ (સૂઇના આકારે) ઉગે છે તેનો વિનાશ થયે છતે તાડવૃક્ષનો અવશ્ય નાશ થાય છે તેમ મોહનીય કર્મની સકળ (અઠ્ઠાવીશ) પ્રકૃતિનો નાશ થયે બાકીનાં સાત કર્મનો નિશ્ચે નાશ થાયજ છે. અન્વય અને વ્યતિરેકથી મોહનીય સાથે શેષ કર્મનો સંબંધ જાણવો. ૨૬૬

छद्मस्थवीतरागः कालं सोऽन्तर्मुहूर्तमथ भूत्वा ।
युगपद्विविधावरणान्तरायकर्मक्षयमवाप्य ॥ २६७ ॥
शाश्वतमनन्तमनतिशयमनुपममनुत्तरं निरवशेषम् ।
संपूर्णमप्रतिहतं संप्राप्तः केवलज्ञानम् ॥ २६८ ॥

૧ ઉગી નીકળેલી. ૨ સોય જેવો અગ્ર ભાગ.

For Private And Personal Use Only

અર્થ—પછી અંતર્મુહૂર્ત્તકાળ તે છદ્મસ્થ વીતરાગ થઇ એકી સાથે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને સર્વ અંતરાય કર્મનો (સર્વથા) ક્ષય કરીને શાશ્વત, અનંત, સર્વાતિશયી, અનુપમ, અનુત્તર, નિરવશેષ, સંપૂર્ણ અને અપ્રતિહત એવું કેવળજ્ઞાન સંપ્રાપ્ત કરે છે. ૨૬૭–૨૬૮

ભાવાર્થ—છદ્મ એટલે આવરણ તેમાં રહેલ તે છદ્મસ્થ અને કષાય માત્રનો ક્ષય કર્યાથી વીતરાગ અન્તર્મુહૂર્ત કાળ સુધી વિશ્રાન્તિ લહી એકી સાથે એ ઘડીની અંદર મતિજ્ઞાનાદિ પાંચ પ્રકારનાં આવરણ તથા ચાર પ્રકારનાં દર્શનાવરણ તથા દાનાન્તરાયાદિ પાંચ પ્રકારનાં અંતરાયનો ક્ષય કરીને કાયમ સ્વરૂપસ્થિત બન્યું રહે તે માટે શાશ્વત, ક્ષય ન પામે તે માટે અનન્ત, તેની સાથે કોઇ હોડ કરી ન શકે એવું મહા અતિશયવાળું હોવાથી અનતિશય, તેના સરખું કોઈ નહિ હોવાથી–ઉપમા રહિત હોવાથી અનુપમ, તેના કરતાં કોઇ પ્રધાન–ચઢીયાતું જ્ઞાન નહિ હોવાથી અનુત્તર, પરિપૂર્ણપણે ઉત્પન્ન થયાથી નિરવશેષ, સકળ જ્ઞેય–પદાર્થને ગ્રહણ કરે તેથી સંપૂર્ણ, પૃથ્વી સમુદ્રાદિ કયાંય પણ કયારે પણ ( સર્વતઃ અને સર્વદા ) પ્રતિઘાત વગરનું હોવાથી અપ્રતિહત એવા કેવળજ્ઞાનને પ્રાપ્ત કરે છે. ૨૬૭–૬૮

कृत्स्ने लोकालोके व्यतीतसाम्प्रतभविष्यतः कालात् ।
द्रव्यगुणपर्यायाणां ज्ञाता दृष्टा च सर्वार्थैः ॥ २६९ ॥

અર્થ—સર્વ લોકાલોકમાં અતિત અનાગત અને વર્ત્તમાનકાળ સંબંધી દ્રવ્ય ગુણ પર્યાયને સર્વ રીતે જાણે દેખે છે. ૨૬૯

ભાવાર્થ—પરિપૂર્ણ લોકાલોકમાં, ગુણપર્યાયવાળાં દ્રવ્ય, સહભાવી ગુણ અને ક્રમભાવી પર્યાય એ સર્વના અતીત, અનાગત અને વર્તમાન કાળ સંબંધી સર્વ ભાવને સર્વપ્રકારે જાણે–દેખે. જ્યાં કાળ–દ્રવ્ય નથી ત્યાં દ્રવ્યગુણપર્યાયોને જ સર્વ પ્રકારે જાણે દેખે અથવા લોકમાં જે દ્રવ્યગુણપર્યાયો છે તેમના અતીત, અનાગત અને ભવિષ્યકાળ ( વર્તનાક્રિયા ) ને સર્વ આકારે જાણે અને દેખે. ૨૬૯

क्षीणचतुष्कर्मांशो वेद्यायुर्नामगोत्रवेदयिता ।
विहरति मुहूर्तकालं देशोनां पूर्वकोटिं वा ॥ २७० ॥

અર્થ—જેણે ચારે ઘાતિકર્મનો ક્ષય કર્યો છે એવા તે કેવળી વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્રકર્મને વેદતા છતા મુહૂર્ત્તપર્યંત અથવા કંઇક ન્યુન કોડપૂર્વપર્યંત વિચરે છે. ૨૭૦

ભાવાર્થ—મોહનીય, જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય એ ચાર ઘાતિકર્મ જેના ક્ષય પામી ગયા છે અને વેદનીય, આયુષ્ય, નામ તથા ગોત્ર એ ચાર ભવધારણીય–અઘાતિ કર્મનો જે અનુભવ કરે છે એટલે તે ચાર અઘાતિ કર્મ હજુ ખપાવવાનાં બાકી છે તે સર્વજ્ઞ–કેવળ જ્ઞાની મહાશય ભવ્યજનોને પ્રતિબોધ કરતા, જઘન્યથી બે ઘડી અને વધારેમાં વધારે દેશે ઉણાં ક્રોડપૂર્વ પર્યંત વિચરે છે. દેશે ઉણું એટલે આઠ વર્ષ ન્યૂન. જે પુરૂષનું આયુષ્ય ક્રોડ પૂર્વનું હોય તે આઠ વર્ષ વ્યતીત થયે દીક્ષા ગ્રહણ કરે અને દીક્ષા ગ્રહણ કર્યા પછી તરત કેવળજ્ઞાન ઉપજે તેના આશ્રી ઉપરનું કથન સમજવું. કેવળજ્ઞાન ઉત્પન્ન થયા પછી અંતર્મુહૂર્ત માત્ર આયુષ્ય ભોગવે તેના આશ્રી જઘન્ય કાળ કથન અને શેષ માટે મધ્યમ સમજવું. ૨૭૦

तेनाभिन्नं चरमभवायुर्दुर्भेद्यमनपवर्तित्वात् ।
तदुपग्रहं च वेद्यं तत्तुल्ये नामगोत्रे च ॥ २७१ ॥
यस्य पुनः केवलिनः कर्म भवत्यायुषोऽतिरिक्ततरम् ।
स समुद्घातं भगवानथ गच्छति तत्समीकर्तुम् ॥ २७२ ॥

અર્થ—ચરમશરીરીનું આઉખું નિરૂપક્રમી[1] હોવાથી તે અભિન્ન (પૂર્ણ) અને જીવિતપર્યંત અભેદ્ય છે. તે આયુષ્યને સહાયકારી વેદનીય કર્મ અને નામ તથા ગોત્ર કર્મ પણ તેને તુલ્ય હોય છે. અર્થાત્ આયુષ્યપર્યંતજ તેમની સ્થિતિ હોય છે. જે કેવળી ભગવાનનાં અવશિષ્ટ વેદની, નામ ને ગોત્ર કર્મ આયુષ્ય કર્મથી અધિકતર હોય તેને સમ કરવાને માટે (કેવળી) સમુદ્ઘાત[2] કરે છે. ૨૭૧–૨૭૨.

**વિવેચન**—જે ભવમાં જીવનો મોક્ષ થવાનો હોય છે તે તેનો ચરમ ભવ કહેવાય છે. તે ચરમ ભવમાં આયુષ્યનું અપવર્તન (ફેરફાર–વધઘટ) થતુંજ નથી, એટલે કે અધ્યવસાય નિમિત્તાદિક સાત કારણોમાંના કોઇથી પણ જન્મ પર્યન્ત આયુષ્ય તૂટતું નથી–અભેદ્ય રહે છે. તેથી તે આઉખાની જેટલી સ્થિતિ હોય છે તેટલીજ સ્થિતિવાળાં વેદનીય, નામ અને ગોત્ર કર્મ હોય છે. અને તે વેદનીયાદિ કર્મની સ્થિતિ જેટલુંજ આઉખું પણ હોય છે, એટલે એ ચારે ભવોપગ્રાહી કર્મની સ્થિતિ એક સરખી હોય છે. સાર એ છે કે આઉખાથી જૂદા એવાં પણ નામ, ગોત્ર અને વેદનીય કર્મ અભિન્ન એટલે તેના સરખી સ્થિતિવાળાં હોય છે. આયુષ્યવડે તે વેદનીયાદિ ઉપગૃહિત છે એમ કહેવાની મતલબ એવી છે કે આયુષ્યનો સંબંધ હોય ત્યાં સુધીજ વેદનીયાદિ કર્મ હોઇ શકે છે. અને તે આયુષ્ય કર્મની સંગાતેજ

૧ અધ્યવસાય, નિમિત્ત, કષાય અને વેદના પ્રમુખ સપ્ત કારણોવડે ઓછું ન થઇ શકે એવું.
૨ કર્મ સમીકરણાર્થે પ્રયત્ન વિશેષ.

તેથી–મહુલ્લી ગવાય છે. જે કેવળી ભગવંતને ચરમ ભવના આયુષ્યથી વેદનીય, નામ અને ગોત્ર કર્મ ભોગવવાનાં અધિકતર હોય તે કેવળી ભગવાન જ વેદનીયાદિક ત્રણ કર્મને આઉખા સાથે સરખાં કરવાને એટલે આઉખા સાથે ભોગવાઇ જાય તેટલી સ્થિતિવાળાં કરવા માટે સમુદ્ઘાત કરે છે. અને તેમ કરીને જેટલું આયુષ્ય અવશિષ્ટ હોય તેટલા વખતમાં જ ભોગવાઇ શકે તેટલી જ સ્થિતિવાળાં વેદનીયાદિક કર્મને બનાવે છે. સમુદ્ઘાતમાં આત્માનાં આત્મપ્રદેશો લોકવ્યાપી થઇ રહે છે. સમ્યગ્–ઉત્કૃષ્ટ, હનન–ગમન એટલે સંપૂર્ણ લોકપ્રમાણ જેમાં ગમન–વ્યાપી જવાનું છે, તે કેવળી–સમુદ્ઘાત જાણવો. લોકથી બહાર જવાય તેમ નહિ હોવાથી ત્યાંથી આગળ ગમન થતું નથી. ૧૭૧–૭૨

## आत्म–बंधुओ अने व्हेनो सहुने संक्षेपे खमत् खामणां.

(લેખક–આપ સર્વનો સદ્ગુણાનુરાગી કર્પૂરવિજય.)

" ખામેમિ સવ્વ જીવે, સવ્વે જીવા ખમંતુ મે;
મિત્તી મે સવ્વ ભૂએસુ, વેરં મજ્ઝ ન કેણઇ. "

સહુને ( આત્મ સમાન લેખી ) હું ખમાવું છું. સર્વે કોઇ મારા અપરાધને ખમો–માફ કરો ! મ્હારે સર્વ સંગાતે મૈત્રીભાવ છે. કોઇ સંગાતે મ્હારે વૈરવિરોધ નથી. છદ્મસ્થભાવથી કંઇ પણ પ્રતિકૂળ આચરણ તમારી પ્રત્યે તન મન વચનથી થયું હોય તે ઉદાર દિલથી સહુ ખમજો. ફરીથી તેવું કંઇ પ્રતિકૂળ આચરણ નહિ કરવા હું બનતી કાળજી રાખીશ. મારા પ્રત્યે કંઇ પણ પ્રતિકૂળ આચરણ તમારાથી થયેલ હોય તે પણ દરગુજર કરવામાં આવે છે. એટલા માટે કે ભવિષ્યમાં આપણને કોઇને વૈમનસ્ય ( વિરોધ )ને લઇને ભવસંતતિ વધતી અટકે. આપણને એજ ઇષ્ટ છે. શાસ્ત્ર ભણ્યાનું–સમજ્યાનું સાર એજ છે કે ક્રોધાદિક કષાયોને ક્ષમા, મૃદુતા ( નમ્રતા ), સરલતા અને સંતોષવડે ઉપશમાવવા. ચારિત્રનું પણ એજ સારભૂત રહસ્ય છે કે ઉપશમભાવ–ઉપશાન્તતા આદરી, સમતા ગુણવડે નિજ આત્મતત્ત્વમાં રમણતા કરવી. સાંકડી દ્રષ્ટિથી જોવાનું તજી, વિશાળદ્રષ્ટિથી જોઇએ તો આપણે સહુ એક કુટુંબીજ છીએ. તેવી વિશાળ દ્રષ્ટિ કાયમ રાખવા માટે આપણે સહુએ આવી ભાવના દીલમાં સદોદિત રાખવી જોઇએ કે:—

" સર્વ કોઇ સુખી થાઓ ! સહુ કોઇ રોગ રહિત થાઓ ! સર્વ કોઇ કલ્યાણના ભાગી થાઓ અને કોઇ પણ પાપાચરણ ન કરો. " વળી ' આખી આલમને સુખ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શાન્તિ પ્રાપ્ત થાઓ ! પ્રાણીમાત્ર પરોપકારરસિક બનો ! દોષ માત્ર દૂર થાઓ ! (લય પામો ! ) અને સર્વત્ર લોકો સુખી સુખી થાઓ ! " ( મૈત્રીભાવ ), 'કોઇ પણ દુ:ખી સ્થિતિમાં આવી પડેલનું દુ:ખ દૂર કરવા અને તેની સ્થિતિ સુધારવા તન મન ધનથી પ્રયત્ન કરવો ' ( કરૂણાભાવ ) ' કોઈની ઋદ્ધિ-સમૃદ્ધિ કે ગુણ ગૌરવ જોઈને કે જાણીને મનમાં લગારે ઓછું નહિ આણતાં રાજી રાજી થવું ' ( મુદિતાભાવ ) 'નીચ-નિન્દ્ય ને નિર્દય કામ કરનાર જ્યારે કોઈ રીતે સુધરી ન શકે ત્યારે તેને કર્મવશ સમજી, રાગદ્વેષ તજી, સમભાવે રહેવું. ' માધ્યસ્થભાવ.

આવી ઉદાર ભાવના રાખ્યાવગર આપણામાં ઐક્ય ( સંપ-harmony ) થઇ શકે નહિ. તંત્રીના ત્રણ તારની પેરે જ્યાંસુધી આપણાં મન વચન અને કાયબળને દ્રઢ અને સુવ્યવસ્થિત કરીએ નહિ ત્યાંસુધી આપણે સ્વપરને કશો લાભ-આનંદ ઉપજાવી શકીએ નહિ. વિચાર વાણી અને આચાર એ ત્રણેને આપણે પવિત્ર કરવાં જોઇએ. તેમાં કશો વિરોધ આવવા દેવો ન જોઇએ. તો જ અને ત્યારે જ આપણે સ્વપર હિત કરી શકશું. મન વચન કાયામાં પૂર્ણ પવિત્રતા રાખી, સહુ કોઇને હિત આચરણવડે પ્રસન્ન કરતા અને પરના લેશ માત્ર ગુણને સૂક્ષ્મ દ્રષ્ટિથી વિશાળ રૂપમાં લેખી દિલમાં રાજી થતા સંત-સાધુજનોને જ ધન્ય છે. એવી આપણને સુદૃષ્ટિ પ્રગટો ! ઇતિશમ્.

## ખામણાં-ખમવું અને ખમાવવું એ સંબંધી આપણું અવશ્ય કર્તવ્ય.

( લેખક સન્મિત્ર કર્પૂરવિજયજી. )

**ઉવસમ સારં ખુ સામન્નં**—ક્ષમા, સમતા એજ ચારિત્રનું ખરૂં રહસ્ય છે. અતિ હર્ષની વાત છે કે ત્રિભુવનગુરૂ શ્રી તીર્થંકર પ્રભુનાં અમૃતવચનને અવલંબી એમના અંતેવાસી શિષ્યરત્નો શ્રી ગણધરોએ ભવ્ય પ્રાણીઓના એકાન્ત હિતને માટે ખમતખામણાંની અતિ સરલ અને સુખદાયક રીતિ સૂત્રરૂપે રચી છે. તેનો જો વિવેકથી સમજપૂર્વક ઉપયોગ કરવામાં આવે તો તે ત્રીજા વૈદ્યનાં અતિ ઉત્તમ ઔષધની પેરે લાભદાયક થયા વગર રહેજ નહિ. એથી છદ્મસ્થતા યોગે જાણતાં અજાણતાં થતાં અને થયેલાં દોષો દૂર કરી આપણે તદ્દન નિર્દોષ-નિષ્કલંક સ્ફાટિક રત્ન જેવા નિર્મળ બની શકીએ છીએ, તો પછી આપણે તેની સમજ મેળવી વિવેકથી શામાટે તેનો લાભ લેવા પ્રમાદ સેવવો જોઇએ ? હરગીજ નહિજ. મુખ્યપણે તો ઉજળે લુગડે ડાઘની જેમ જેનું મન ( પુણીયા શ્રાવકની જેમ ) સ્થિર-સ્વચ્છ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોય છે તેનેજ પોતાની થયેલી ભૂલનું તરત ભાન થાય છે અને તેને દૂર કરવા દૃઢ પ્રયત્ન પણ તે આદરી તેમાં સફળતા મેળવી શકે છે. પુણીયા શ્રાવકનું સામાયિક એથીજ વખણાય છે. આપણાં ભાઇ બ્હેનો સામાયિકાદિક કરતાં તો દેખાય છેજ, પરંતુ જો ઉક્ત મહાશયની જેવી સ્થિરતા–સમતા રાખવાની રૂડી ભાવના નિજ હૃદયમાં પહિલેથીજ ઉપયોગપૂર્વક દ્રઢપણે સ્થાપીને સામાયિકાદિક શુભ કરણી કરવાનો અભ્યાસ પાડે તો તેનું ધીમે ધીમે કેવું સુંદર–સુખદાયી પરિણામ આવે ? ઉક્ત ધર્મકરણી કરતાં મન વચન કાયાની સ્થિરતા થવામાં જે જે શુભ સાધનો (જ્ઞાન ધ્યાનાદિક ) ની જરૂર છે તેનો યથાયોગ્ય ખપ કરતી વખતે ક્યાં કેમ અને કેટલી સ્ખલના થાય છે તેની સારી રીતે તપાસ રાખવામાં આવે તો તેની થતી ભૂલો બહુધા ઓછી થઇ શકે છે. પરંતુ તે સંબંધી જેને કશી કાળજીજ નથી તે તો ઘણે ભાગે સમજણ વગર સંમૂર્છિમ ક્રિયાજ કરતા રહે છે. ક્રિયા કરવાનો ખરો હેતુ સમજ્યા વગર અથવા સમજવાનો ખપ કર્યા વગર તદ્હેતુ ક્રિયાનો લાભ ક્યાંથી મળે ? ન જ મળે. તોપછી અક્ષય–અજરામર–મોક્ષફળ દેનારી અમૃતક્રિયા અને અસંગ ક્રિયાનું તો કહેવુંજ શું ? અક્ષય સુખના અર્થી જનોએ આ લોકનાં સુખ–માનપ્રતિષ્ઠા કે એવા બીજાં પૌદ્ગલિક સુખના લોભની બુદ્ધિથી કરાતી વિષક્રિયા, પરલોકમાં પૌદ્ગલિક સુખ મેળવવાની બુદ્ધિથી કરાતી ગરલ ક્રિયા અને ગતાનુગતિકપણે (કશી સમજ વગર ફક્ત દેખાદેખી) કરાતી સંમૂર્છિમ ક્રિયા તો ખાસ કરીને તજવી અને ઉપર જણાવ્યા મુજબ તે તે ધર્મક્રિયાના હેતુ સમજી કરવા યોગ્ય તદ્હેતુ ને અમૃત ક્રિયા આદરવી ઘટે છે. આટલી વાત પ્રસંગોપાત કહી તે આત્માર્થી બંધુઓ અને બ્હેનોએ અવશ્ય લક્ષમાં રાખવા યોગ્ય છે.

હવે જો સર્વદા પ્રભુએ પ્રકાશેલી ખમતખામણાંની ક્રિયા આત્માર્થીપણે અક્ષય સુખના અર્થી ભવ્ય આત્માઓ આદરવા ધારે તો તેમણે તે પવિત્ર ક્રિયાના અંતરંગ હેતુઓ જાણી સદ્દહી ને તેનો યથાર્થ અમલ કરવો જોઇએ. અનેક ઔપાધિક સંબંધોને લીધે પ્રગટ થતા રાગદ્વેષ અને કષાયોવાળા મલીન પરિણામોવડે પ્રત્યક્ષ કે પરોક્ષપણે ( જાણતાં કે અજાણતાં ) મન, વચન, કાયાથી કંઇક જીવો સાથે વૈમનસ્ય ( વૈર–વિરોધ ) થવા પામે છે, તેથી કલેશ કુસંપ વધતાં આર્ત રૌદ્ર ધ્યાન વડે મનુષ્ય ભવ હારીને જીવ અધોગતિમાં ઉતરી પડે છે અને વડનાં બીજની પરંપરાની જેમ ભવાન્તરમાં પુનઃ પુનઃ પૂર્વે વાવેલાં વૈર–વિરોધનાં બીજોથી અતિ વિષમ ફળોને અનુભવે છે. તેવા વિષમ પ્રસંગો ન આવે, આવતા અટકે; ભવસંતતિ ન વધે, વધતી અટકે; પોતે બીજા જીવોની અધોગતિનું કારણ ન બને, બનતો અટકે; એટલું જ નહિ પણ એથી સુલટાં સંયોગો મળે, અધ્યવસાય સુધરે, ભવસં-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તતિ-જન્મ મરણ-ભવભ્રમણ ઘટે, અને અન્ય જીવોને પણ ઉન્નતિના માર્ગમાં મદદગાર નીવડે, છેવટે પોતાના આત્માને રાગદ્વેષ કષાયાદિક દોષમાત્રથી મુક્ત કરી સ્ફટિક રત્ન જેવો નિર્મળ-નિષ્કષાય બનાવવા ( આત્મા ) પોતે જ સમર્થ થાય એવા અતિ ઉત્તમ હેતુઓને સમજી, દૃઢ પ્રતીત કરીને આ પવિત્ર ક્રિયાનો કેવળ આત્માર્થીપણે જ આદર કરવો ઘટે છે. પ્રતિક્રમણ સૂત્રમાં, થયેલા દોષોની ( ગુરૂ સમક્ષ ) આલોચના કરવાનાં એવાં અનેક પ્રસંગો આવે છે. સાધુ-સાધ્વીઓને તેમજ શ્રાવક-શ્રાવિકાઓને તે બધા પ્રસંગો આત્માર્થીપણે સમજી લેવાની અને દૃઢ શ્રદ્ધા સહિત તેમાં ઉપયોગ રાખી તેનો લાભ લેવાની બહુ જરૂર છે. ઉપયોગશૂન્યપણે થતી અથવા બીજાની દેખાદેખીથી સમજ વગર થતી કરણી લગભગ કષ્ટ રૂપ લેખાય છે અને હેતુસહ ઉપયોગ રાખી કરાતી કરણી બહુ ઉત્તમ ફળ સમર્પી શકે છે. જાગ્રત ઉપયોગવાળા આત્માર્થીજનો પ્રાયઃ દોષિત થતા જ નથી અને કદાચ કર્મયોગે દોષિત થયા હોય તો તેઓ વિલંબ વગર સ્વદોષ ગુર્વાદિક પાસે નિઃશલ્યપણે પ્રકાશીને નિર્દોષ બની શકે છે. સરલ સ્વભાવીની જ સિદ્ધિ થાય છે. માયાવીજનો મરી પડે તો પણ તેમની સિદ્ધિ થઈ શકતી નથી. તે ઉપર **લખમણા** અને **રૂપી** સાધ્વીનાં દૃષ્ટાંત શાસ્ત્રપ્રસિદ્ધ છે. ફલિતાર્થ એટલો છે કે દોષરહિત થવા માટે વિલંબ રહિત માન મૂકી સદ્ગુરૂ સમક્ષ વિનય બહુમાન પૂર્વક શંકાદિક કોઇ પણ પ્રકારના શલ્ય રાખ્યા વગર શાન્ત ચિત્તથી પોતાને લાગેલાં પાપ પ્રકાશવાં, અને ગીતાર્થ-ભવભીરૂ મહારાજ દોષશુદ્ધિ નિમિત્તે જે કંઇ યોગ્ય પ્રાયશ્ચિત્ત આપે તે ' તહત્તિ ' કહી, અંગીકાર કરીને પ્રમાદ રહિત તે મુજબ વર્તન કરવું; એટલું જ નહિ પણ તેવા દોષથી અળગા રહેવા-ફરી તે દોષો નહિ સેવવા પૂરતી કાળજી રાખવી. ગમે તેવા નિમિત્તથી તત્કાળ દોષશુદ્ધિ કરી ન શકાય તો પ્રતિક્રમણ સમયે તો તેનું જરૂર લક્ષ રાખવું. આવા વિશિષ્ટ હેતુથી દેવસીય અને રાઇ પ્રતિક્રમણની વિધિ પ્રવર્તે છે. કષાયાદિક પ્રમાદથી તેમ ન થઈ શકયું તો પાક્ષિક, ચાતુર્માસિક અને છેવટે સાંવત્સરિક પ્રતિક્રમણ પ્રસંગે તો અવશ્ય આપણા પાપની આલોચના સદ્ગુરૂ સમીપે નમ્રભાવથી નિઃશલ્યપણે કરવીજ જોઇએ. તથાપ્રકારના સુગુરૂનો યોગ ન હોય તો સ્થાપનાચાર્ય તેમજ પ્રભુ-પ્રતિમા સમીપે પણ નિજ આત્મ ઉપયોગ જાગૃત રાખીને સામાયિક, પ્રતિક્રમણ પ્રસંગે પોતાનાં પાપની આલોચના કરી શકાય છે. મરણ-અવસાન વખતે પણ સમકિત શુદ્ધિને અર્થે તેમજ નિજવ્રતની યથાર્થ આરાધના નિમિત્તે છેવટ સુધીમાં જે જે અતિચારાદિ દોષો સેવાયા હોય તે સઘળા શાન્ત ચિત્ત રાખીને ઉલ્લસિત ભાવે આલોચવા-નિંદવા યોગ્ય છે. તથા જે જે સુકૃત કરણી તન મન વચન કે ધનથી કરી-કરાવી હોય તે સર્વે અનુમોદવા

For Private And Personal Use Only

કહ્યા છે. ૧ અરિહંત, ૨ સિદ્ધ, ૩ સાધુ અને ૪ કેવળીભાષિત ધર્મ એ ચારનું શરણું કેટ સનથી આદરવું યોગ્ય છે. છેવટે જગતના સર્વે જીવો સાથે વિશુદ્ધ બુદ્ધિથી આપણાં ખામણાં કરવાં જોઈએ. જીવરાશિ ખમાવવાનો અને પુન્ય પ્રકાશનું સ્તવન, પડિક્કમણ પચ્ચક્ખાણાદિક પુનઃ પુનઃ સંભળાવવાનો મુખ્ય આશય એ છે કે જીવની અંતિમ આરાધના સધાય (પોતાનો છેડો સુધરે) કે જેથી ભવભ્રમણ વધારે કરવું ન પડે. જેની સાથે વૈમનસ્ય–વૈરવિરોધ થયેલ હોય તેને તો વિશેષે કરીને નિખાલસ દીલથી ખમાવીને વૈર વિરોધ ઉપશમાવી ભવભવનાં દુઃખ વારવાનો અને સદા સુખમાં ઠરવાનો એજ અકસીર ઉપાય છે. સુજ્ઞજનો તે સમજે છે, મુગ્ધજનો તેના ઉંડા ગંભીર આશયને સમજતા નથી, તેથી તે બાપડાઓ જેમ આવે તેમ નિજ મતિથી ગાડું ગબડાવ્યા કરે છે. સુજ્ઞજનો તેમ કરતા નથી. તેઓ સમજે છે કે નાવમાં નાનકડું પણ ગાબડું પડ્યું હોય તો તેથી બહુ અનર્થ ઉપજે છે, તેમ આપણી જીવનનૌકા માટે સમજી લેવાનું છે. વડનાં બીજની પેરે વવાયેલાં વૈરવિરોધનાં બીજ ભારે-મોટું રૂપ પકડીને વિસ્તરે છે, પછી તેનો ક્રમે અંત આવતો નથી. તેથીજ વૈરવિરોધનાં બીજ બાળી નાંખવાની કહો કે પાણી પહેલાં પાળ બાંધી રાખવાની ખાસ જરૂર છે. ભવભવનાં દુઃખ સમાવવા માટે એના જેવો બીજો રસ્તો નથી.

શ્રી કલ્પસૂત્રમાં કહ્યું છે કે 'ખમિઅવ્વં, ખમાવિઅવ્વં ' અર્થાત્ ખમવું ને ખમાવવું (બીજાના દોષની માફી આપવી અને આપણા દોષ–અપરાધની માફી માગવી) એ જિન શાસનનો ખરો સાર છે. ' ઉવસમિઅવ્વં, ઉવસમાવિઅવ્વં ' જાતે ઠરવું–શાન્ત થવું અને બીજાને ઠારવા–શાન્ત કરવા. જે ખમે–ખમાવે, ઠરે અને ઠારે છે તે આરાધક–આજ્ઞાપાલક બને છે; પણ જે ખમતા–ખમાવતા ને ઠરતા–ઠારતા નથી તે તો વિરાધક–વીતરાગની આજ્ઞાના લોપક બને છે. વિનયમૂળ જિનધર્મ હોવાથી પ્રથમ નાનાએ મોટાને ખમાવવા જોઇએ, પણ કમનશીબે નાનો હઠીલો બની પ્રથમ ખમાવે નહિ તો મોટાએ માન મૂકીને તેનેજ ખમાવવો, જેથી શરમાઇ જઇને તે પણ પ્રાયઃ ખમાવ્યા વગર રહેશે નહિ. નજીક આવતા પર્યુષણ પર્વમાં આવી સદ્બુદ્ધિ સહુને સુઝો ! ઇતિશમ્.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સુબોધ વ્યાખ્યાન

હે પામર પ્રાણી ! તું અસાર સંસારને મારો કરી બેઠો છો પણ તું નિશ્ચય જાણજે કે આ દેહ નાશવંત છે, તેમજ વૈભવ પણ શાશ્વત નથી, અને મૃત્યુ નિત્ય પાસે રહેલું છે, તેથી ધર્મનો સંગ્રહ કરવો એ મનુષ્ય દેહ ધર્યાનું કર્તવ્ય છે. આ શરિર અનિત્ય છે અને આયુષ્યનો ભરોસો નથી. જેમ આકાશમાં વિદ્યુત ચમકી ક્ષણમાં નાશ પામે છે, સાગરમાં ક્ષણમાં બુદબુદ થઇ ક્ષણમાંજ લોપ થાય છે તેવુંજ આયુષ્ય છે. ખલકમાં કોઇ ચિરંજીવ નથી, ને કોઇ સ્થિર પણ નથી. તેટલા માટે પ્રાપ્તક્ષણમાં પુરૂષે આત્મકલ્યાણ કરી લેવું. સ્મશાનભૂમિમાં દરરોજ અસંખ્ય મનુષ્યોની ભસ્મ થાય છે તેમાંથી જેઓએ ધર્મનો સંગ્રહ કીધો છે, આત્માને ઓળખ્યો છે, નિત્યધર્મ શો છે તે જાણી પરમાત્માને પીછાણ્યો છે તેજ જન્મ તથા મૃત્યુના ફેરામાંથી બહાર નીકળી જાય છે. રાત્રિ પડે છે અને પાછું પ્રભાત થાય છે તેના પ્રત્યેક ક્ષણે આયુષ્ય ઓછું થતું જાય છે તેનો તું વિચાર કર ! તું મિથ્યા રગડામાં રગડાયા કરે છે અને આજે ધર્મધ્યાન કરીશું, કાલે કરીશું, એમ વિચારમાં ને વિચારમાં આખો જન્મારો ચાલ્યો જાય છે તો પણ આ જગત્‌ના જીવોની કામના પૂર્ણ થતી નથી. નિત્ય નિત્ય નવી નવી ઉપાધિમાં પડી રગદોળાયા કરે છે અને લક્ષ ચોરાશી જીવાયોનિમાં ભમ્યા કરે છે. જેમ થોડા પાણીનું માછલું થોડા કાળમાંજ મરી જાય છે તેમ મનુષ્ય પણ અલ્પાયુષ્ય છે તેથી થોડા કાળમાં મરણ પામે છે. જેમ વૃક્ષનાં પત્ર ઉપર પડેલું વરસાદનું પાણી ક્ષણભર પણ સ્થિર રહી શકતું નથી તેવી આ શરીરની સ્થિતિ છે. જીવ જન્મે છે, બાલ્યાવસ્થા ભોગવે છે, યૌવનનો અનુભવ લે છે, વૃદ્ધ થાય છે અને મરણ પામે છે. એવો આ દેહનો નિત્યનો ધર્મ છે; એમાંથી તરી જનારાને અનિત્ય પદાર્થનો ત્યાગ અને નિત્ય પદાર્થપર રાગ થવો જોઇએ, એ નિત્યનું કર્તવ્ય છે. જેમ વડવૃક્ષ ઉપર લીલાં પાંદડાં આવે છે, તેમાંથી નાનાં મોટાં કુમળાં સુકાં વખત આવ્યે ખરી પડે છે અને કાળને વશ થઈ પોતાનું આયુષ્ય પૂર્ણ કરે છે; તેમજ આ જગતના જીવો પૈકી અનેક જીવો જન્મે છે, તેમાંના નાના કે મોટા, વખતે કે કવખતે કાળના મુખમાં જઇને પડે છે. પરંતુ મનુષ્યદેહ વારંવાર પ્રાપ્ત થતો નથી. તે તો બહુ કાળના પુણ્યસંચયનું પરિણામ છે, અનેક જન્મની શુભ વાસનાનું ફળ છે, જન્મ જન્માંતરની ભાવનાઓનો પ્રતાપ છે. તેમાં પરમાત્મા સાથે સ્નેહ કરવો, તેના પ્રેમમાં લીન થવું, એ સકળ તત્વનું તત્વ, સારનો સાર ને ધર્મનો ધર્મ છે. પિતા, માતા, પુત્ર, ધન, સુખ, એ તો ચાર ઘડીના સંબંધી છે, તેમાં મોહ શો ? જેમ નદીનું પાણી પાછું મૂળ સ્થાને જઈ

For Private And Personal Use Only

શકતું નથી તેવીજ રીતે આ દેહનું પણ સમજવું. જેમ સમુદ્રમાં રહેલો મગરમચ્છ અન્ય જળચર જીવોને સપાટાબંધ ગ્રહણ કરે છે, તેમ કાળ પણ મનુષ્યને સપાટાબંધ વશ કરી લે છે.

જગતમાં કોઈ અમર નથી. જેમ સુંદર વૃક્ષ ઉપર મોગરા કે ગુલાબનું ફુલ સુંદરતાવડે પ્રકાશી રહે છે ખરૂં પણ જેને આજે આપણે સુગંધીદાર જોઈએ છીએ, તે કાલે કરમાઈ જાય છે, સુકાઈ જાય છે, દ્રષ્ટિમાંથી જતું રહે છે ને મનઃસૃષ્ટિમાંથી પણ નાશ પામે છે; કેમકે કાળ તેને ખાઈ જાય છે, વિસરાવી દે છે, તેમજ આ જીવનું આયુષ્ય આકાશમાં ઝબકતી વિજળીના જેવું છે. એક ક્ષણમાં તે દ્રષ્ટિએ પડે છે, પણ બીજે ક્ષણે તે ક્યાં અદ્રશ્ય થઈ જાય છે તેની કોઈને ખબર પડતી નથી, એવું આયુષ્ય પણ અસ્થિર છે.

આ અશાશ્વત દેહને જે ખરેખર અનિત્ય જાણે છે, અને અનિત્ય દેહના સુખનો ત્યાગ કરી પરમાત્માની ભક્તિમાં લીન રહે છે તે દેવલોકવિગેરેના સુખને પામે છે.

આ સંસાર અનેક પ્રકારે કષ્ટદાયક છે. જગતના જે જીવો જગતને સત્ય જોઈ તેનાજ ઉપાસક બન્યા છે તેને કિંચિત્ પણ જ્ઞાન નથી કે મારૂં આ લોકમાં જન્મ્યાનું સાર્થક શું છે ? અને તેથી તે કષ્ટ કષ્ટ ને કષ્ટ જ સહે છે. જીવનો પિંડ બંધાય છે ત્યાંથી તે છેવટ લગી તે કષ્ટનો ભાગીજ બને છે. શાસ્ત્રથી ગર્ભનાં દુઃખ જે જાણે છે તેજ ગર્ભમાંથી છુટવાનો પ્રયત્ન કરે છે. આપણું શરીર જે દ્રષ્ટિગોચર થાય છે તે સ્થૂળ શરીર છે. પાંચ ઇંદ્રિયોથી તેનો નિર્વાહ થાય છે, ખટ્ રસ તેનો આશ્રય છે, સપ્ત ધાતુથી તેનું સ્થૂળ બંધાયેલું છે, વાત, પિત્ત અને કફ એ ત્રણ મળથી સજ્જિત છે, શુક્ર અને શોણિતના કારણવાળું છે અને ભક્ષ્ય, ભોજ્ય, પેય, અને ચોષ્ય એમ ચાર પ્રકારના આહારથી આ સ્થૂળ શરીરની વૃદ્ધિ થાય છે. એમાં જે કઠિન ભાગ છે તે પૃથ્વી, દ્રવ ભાગ છે તે જળ, ઉષ્ણ ભાગ તે તેજ, શ્વાસોશ્વાસ લેવાય છે તે વાયુ અને પોકળ તે આકાશ છે. રસથી લોહી બને છે, લોહીથી માંસ બને છે, માંસથી મેદ બને છે, મેદથી અસ્થિ બને છે, અસ્થિથી મજ્જા બને છે અને એ સર્વના સંગથી વીર્ય બને છે. પિતાના વીર્ય અને માતાના શોણિતથી ગર્ભ નિપજે છે. પ્રથમ દિવસે વીર્ય અને શોણિત ઘટ્ટ થાય છે, સાતમે દિવસે વધારે ઘટ્ટ થાય છે, પખવાડીએ ગોળ પિંડાકારે થાય છે, મહિના પછી તે પિંડ મોટો થઈને કઠિન થાય છે, બીજે માસે મસ્તક જેવી આકૃતિ બને છે, ત્રીજે માસે હાથ પગનો અસ્પષ્ટ આકાર બંધાય છે, ચોથે માસે પગ અને માથા વચ્ચેના આકાર ધારણ કરે છે, પાંચમે માસે બે હાથ, બે પગ ને મસ્તકના વિભાગ જુદા દેખાય છે, છઠ્ઠે માસે ઇંદ્રિયોના આકાર ધારણ થાય છે, સાતમે માસે જીવની સ્પષ્ટ પ્રતીતિ થાય છે, આઠમે માસે સર્વ અવયવો પૂર્ણ થાય છે, નવમે માસે અવયવો પોષણ પામીને

દ્ધિ પામે છે અને દશમા માસમાં અવશ્ય જન્મ પામે છે. એ ગર્ભકાળમાં જીવને અનેક પ્રકારનાં કષ્ટ વેઠવાં પડે છે. ગર્ભધારણ કાળે માતા કે પિતા વ્યાકુળ ચિત્ત હોય તો ગર્ભ આંધળો, લુલો, કુબડો, કે ઠુંઠો અવતરે છે. પિતાનું વીર્ય અધિક હોય તો ગર્ભ પુરૂષનું શરીર ધારણ કરે છે, માતાનું રૂધિર અધિક હોય તો સ્ત્રીનું શરીર ધારણ કરે છે, સમાન હોય તો નપુંસક રૂપને ધારણ કરે છે. વળી ગર્ભકાળમાં માતાને જે જે પીડા થાય છે તે તે પીડા ગર્ભને પણ ભોગવવી પડે છે. અહોનિશ તે મળમૂત્રની ખાણમાં ઉંધે માથે પડ્યો રહે છે, અતિ મલિન દુર્ગંધી-વાળા વાયુથી તે સદા ત્રાહી ત્રાહી કરે છે. એ જીવ ગર્ભમાં નિરાધાર છે, નિર્બળ છે, પરાયા આશ્રયે રહે છે, ઉંચા પગ અને નીચું મસ્તક એવી સ્થિતિમાં અંધારાગારમાં કે જ્યાં જીવનવાયુનો સંચાર નથી, પ્રકાશ નથી, કેવળ નર્કનો કૂપ છલ્લોછલ ભરેલો છે ત્યાં રહેવાથી તેને અસહ્ય કષ્ટ થાય છે, તેનો વિચાર કરતાં કરતાં તે કાળ નિર્ગમન કરે છે.

ગર્ભમાં જીવ અનેક પ્રકારે પરમાત્માની પ્રાર્થના કરે છે. 'હે પ્રભો! આ સંક-ટમાંથી મારો ઉદ્ધાર કર, એ ઉપકારને હું ત્રિકાળે પણ ભુલીશ નહિ.' આવી સ્થિ-તિમાં રહેલો ગર્ભ જ્યારે આ સંસારના વાયુનો સ્પર્શ કરે છે ત્યારે ઉહાં, ઉહાં, તું ત્હાં, એટલે 'હું અહીં ને તું ત્યાં' બોલતો જગદીશને સંસારના વાયુનો સ્પર્શ થતાંજ વિસરી જાય છે, ગર્ભમાં પરમાત્માપ્રત્યે કીધેલી પ્રાર્થનાને ભુલી જાય છે અને આ દુઃખકારી જગતને સુખકારી માનવા લાગે છે, પણ વિચાર કરતો નથી કે મેં આ સંસારમાં અનંતી વખત દેહને ધારણ કર્યો છે, નવનવા આહારો કર્યા છે, અનેક માતાના પયોધરનું પાન કર્યું છે, અનેક કુકડપટો કીધાં છે ને અનેક પ્રસંગે એક ખાડામાંથી નીકળી બીજા ખાડામાં પડ્યો છું. એવા દુઃખમય સંસારમાં અ-નંતીવાર રઝળી–રખડી આ મનુષ્ય દેહને પામ્યો છું, માટે હવે પરમાત્માની ભક્તિ કરી.જન્મ મરણના ફેરા ટાળવા એજ મારૂં કર્તવ્ય છે.

આ જગતમાં મનુષ્યાવતાર દુર્લભ છે. પૂર્વજન્મના પૂરાં પૂણ્ય સંયોગે મનુ-ષ્યાવતાર પ્રાપ્ત થાય છે અને દરેક જીવ પોતાનાં કર્માનુસાર સુખ દુઃખ ભોગવે છે. જ્યાં સુધી આ શરીરમાંથી પ્રિયાપ્રિયનો નાશ થતો નથી, દેહ ઉપર અભિમાન રહે છે અને કામનાથી કર્મનું સેવન કરે છે ત્યાં સુધી કર્મદળ છુટતાં નથી. એજ કર્મ જી-વને બળાત્કારે આકર્ષણ કરીને મહા મોહમાં ઘસડી જાય છે અને જીવ મોહને લીધે સત્-કર્મને અસત્કર્મ અને અસત્કર્મને સત્કર્મ તરીકે જુએ છે. દરેક મનુષ્યની સદ્ગ-તિનો નિર્ણય નિષ્કામપણાથી, તત્ત્વના વિચારથી ને સ્વધર્મના સેવનથીજ થાય છે.

આ જગતની રચના ઋણાનુબંધથી રચાયેલી છે જેને કર્મ કહે છે. એ કર્મ એક બીજાને સંબંધથી સંકળાયલા રાખે છે. કર્મથીજ સ્ત્રી, પુત્ર, સગાં, સહોદર, પૈસો ટકો, ઋદ્ધિસિદ્ધિ, સૌ આવી મળે છે. એ કર્મ પૂરૂં થયું કે કોની સ્ત્રી ને કોનો પતિ? કોનો પુત્ર ને કોનો પૈસો? સૌ પોતપોતાને માર્ગે પડે છે. જયાં સુધી

[illegible] પણ ધાન્ય (સંપત્તિ) ને [illegible] કે તે દેશમાં ભૂમિરૂપ લલનાના તિલક સમાન [illegible] ને. [illegible] સુશોભિત, એવી ચંપાપુરી નામે એક રમ્ય નગરી છે. જ્યાં [illegible] ધાન્યથી યુક્ત એવા લોકોના શરીર અને ઘરની સંપત્તિ જોઈને 'શું સ્વર્ગ [illegible] પર આવેલ છે?' એમ લોકો કહે છે. વળી જ્યાં ભાર, તાપ, ગ્રહ અને દંડ માત્ર મણિ, સુવર્ણ, ગુણ અને છત્રોમાં હતા, પણ લોકોમાં ન હતા. અર્થાત્ મણિમાં ભાર (તોલવું), સુવર્ણને તાપ, ગુણનું ગ્રહણ અને છત્રને જ દંડ હતા. વળી જ્યાં આ-[illegible]માં રહેલ નીલમણિના કાંતિપૂરમાં પ્રતિબિંબિત થયેલ સ્ત્રીઓના મુખો વિકસિત કમળો જેવા દેખાતાં હતાં. ત્યાં સર્વ લોકોને તથા શત્રુઓને પણ વલ્લભ, દાતા અને કલંક રહિત એવો શ્રીવલ્લભ નામે રાજા રાજ્ય કરતો હતો. ઉપવનમાં વૃક્ષોની જેમ તે રાજામાં દાક્ષિણ્ય, ઔદાર્ય, ગાંભીર્ય અને ધૈર્ય પ્રમુખ ગુણો બહુજ શોભતા હતા. જાણે કૈલાશ પર્વતના પ્રતિબિંબથી દ્વિગુણિત થયેલા શંકર હોય, તેમ સ્વરૂપ અનુપમ તેને બાવીશ પુત્રો હતા. વળી કલ્પવૃક્ષની શાખાઓની જેમ તેને અનેક રા-ણીઓ હતી, તેમાં એક પ્રીતિમતી નામે તેને અણમાનિતી રાણી હતી. એકદા દૈવયોગે છીપમાં મોતીની જેમ તેની કુક્ષિમાં કોઈક જીવ પુત્રપણે અવતર્યો, અને અવસર આવતાં પૂર્વદિશા જેમ દિવાકરને જન્મ આપે તેમ સજ્જનોને આનંદ આ-પનાર એવા પુત્રરત્નને તેણે સુમુહૂર્તે જન્મ આપ્યો. તે બાળકની માતા અણમાનિતી હોવાથી રાજાએ તેનું નામ પણ ન પાડ્યું તો પછી જન્મોત્સવની શી વાત?

હવે તેજ દિવસે પ્રધાન, કોટવાળ, પુરોહિત, અને ભંડારીને અનુક્રમે સૂર, શ્રીધર, સુધાસ અને સાગર એવા નામવાળા પુત્રો થયા. જાણે દાન, શીલ, તપ અને ભાવ એ ચાર ભેદોથી સાક્ષાત્ ધર્મ હોય તેમ એ રાજકુમાર તે ચાર મિત્રોથી પરિ-વૃત્ત થઈને શોભવા લાગ્યો. બાલ્યવયમાં પોતાના બંધુસમાન સ્નેહયુક્ત એવા તે મિત્રોની સાથે નિરંતર ક્રીડા કરતો હોવાથી નગરજનોએ તેનું સુમિત્ર એવું યથાર્થ નામ રાખ્યું.

એકદા કળાઓ શિખવાને માટે માતાએ તેને કળાચાર્ય પાસે મૂક્યો, કે જ્યાં પ્રથમથીજ બીજા રાજકુમારો અભ્યાસ કરતા હતા, પરંતુ તેઓ સુખમાં ઉછરેલા, મદોન્મત્ત, સ્વેચ્છાચારી અને અવિનીત હોવાથી કંઈ પણ અભ્યાસ કરતા ન હતા. જ્યારે ઉપાધ્યાય કંઈ પણ તેમને કહેતા એટલે તેઓ વચન માત્ર પણ સહન ન કરતા તેમની સામે થઈને સામો વચનનો માર મારતા હતા. કારણકે મદોન્મત્ત જનો દુર્જ-ય હોય છે. એટલેથીજ સરતું નહિ પણ તેઓ પોતાના આવાસમાં આવીને પોતપોતાની માતાને પોતાના તાડનની વાતો કરતા હતા. જેથી તે રાણીઓ કળાચાર્યપર અત્યંત રોષાયમાન થઈ જતી હતી. આથી કળાચાર્ય તે ઉન્મત્ત રાજપુત્રોની હમેશાં ઉપેક્ષા

કરતા હતા. કારણકે સુવર્ણની કટારી કંઈ કોઈને મરાતી નથી. સુમિત્રની માતાએ પોતાના પુત્રને માટે કળાચાર્યને ખાસ ભલામણ કરી હતી કે. તમારે સ્વપુત્રની જેમ એને અભ્યાસ કરાવવો કે જેથી સમસ્ત કળાઓનો તે પારંગત થાય. વળી તે પોતે પણ વિનીત હોવાથી ગુરૂ તાડન કરે છતાં સહન કરતો હતો, કારણકે વિદ્યા વૃદ્ધિને માટે વિનય એ મુખ્ય કારણ છે. હવે સૂરાદિક ચાર મિત્રો પણ પોતપોતાના કુળને ઉચિત સર્વ કળાઓનો તેજ ગુરૂની પાસે કાળજીપૂર્વક અભ્યાસ કરતા હતા, એટલે અનુક્રમે અલ્પ કાળમાંજ તે પાંચે મિત્રો શસ્ત્ર શાસ્ત્રાદિકની સર્વ રમ્ય કળાઓ શીખી ગયા.

હવે તે સમાન વયના ચાર મિત્રો સહિત, ઉદાર આચારવાળા અને સુંદર રૂપ લાવણ્યથી રમણીય એવા તે રાજકુમારને જોઇને સર્વ નગરજનો જેમ જેમ પ્રશંસા કરતા હતા તેમ તેમ પેલા બાવીશ રાજકુમારો અત્યંત સંતપ્ત થતા હતા.

એકદા સુમિત્ર કુમારને જોઇને તેની માતાને ચિંતા થઈ કે 'એને કોઇ વિઘ્ન કે ઉપદ્રવ ન કરે તો સારૂં.' એમ વિચારે છે તેવામાં કોઇ સિદ્ધપુરૂષ તે નગરમાં આવ્યો. તેને બોલાવીને પોતાના પુત્રના હિતની ઇચ્છાથી તે રાણીએ તેને પૂછ્યું કે—' હે સિદ્ધ પુરૂષ ! તમે કંઇ રક્ષાવિધાન જાણો છો ? ' તે બોલ્યો કે–' રક્ષાવિધાન મને સારી રીતે આવડે છે. ' એટલે રાણીએ કહ્યું કે–' હે બાંધવ ! તું મને મારા પુત્ર માટે રક્ષાવિધાન કરી આપ કે જેથી મારા પુત્રને કંઇ પણ આપત્તિ ન નડે. ' પછી સુમિત્રની જન્મપત્રિકા મગાવીને જોતાં ભવિષ્યમાં તેનાપર આપત્તિ આવનાર હોવાથી તેણે રક્ષા વિધાન કરી આપ્યું. રાણીએ આપેલા દાન સન્માનથી સંતુષ્ટથયેલા તેણે રક્ષાવિધાન રાણીને આપીને કહ્યું કે—"પૂર્વકર્મના પ્રભાવે આ કુમારપર અનેક આપત્તિ આવનાર છે, માટે તમારે એને નિરંતર પાસે રાખવો. તેમ કરવાથી એને આપત્તિ હરકત કરી શકશે નહિ. આ રક્ષાવિધાન નષ્ટ થતાં, હરણ થતાં કે ખોવાઈ જતાં તરતજ જળાશયમાં ગાયોની જેમ એને આપત્તિ લાગુ પડશે; પરંતુ જ્યાંસુધી એ કુમાર તમારી પાસે હશે, ત્યાંસુધી એનો સુરાસુર કે નરેંદ્રો પણ જય કરી શકશે નહિ." આ પ્રમાણે કહીને તે સિદ્ધપુરૂષ ચાલ્યો ગયો. પછી તે રક્ષાવિધાનને તરવારની મુઠમાં નાખીને રાણીએ કુમારને કહ્યું કે—'હે વત્સ! મારૂં વચન સાંભળ. આ તરવારની મુઠમાં મહા અદ્‌ભુત પ્રભાવયુક્ત સિદ્ધપુરૂષે આપેલ રક્ષાવિધાન રાખેલું છે.' કુમારે પૂછ્યું કે—'એનો શો પ્રભાવ છે?' એટલે માતાએ આદરપૂર્વક સિદ્ધપુરૂષનું કહેલું તમામ કથન તેને સંભળાવીને પુનઃ કહ્યું કે– 'ખડ્ગમુષ્ટિમાં રાખેલ એ રક્ષાવિધાનની તારે બરાબર સંભાળ રાખવી, એટલુંજ નહિ પણ આ ખડ્ગ ક્ષણવાર પણ તારા હાથથી દૂર ન રાખવું.' આ પ્રમાણે અમૃતની નીક સમાન અને સર્વ દુઃખોને હરનારી પોતાની માતાની વાણી સાંભળીને સદ્‌ગુરૂના વચનની જેમ તેણે માન્ય કરી.

હવે બાલ્યાવસ્થાને ઓળંગીને તે યૌવનવય પામ્યો. એટલે ચંદ્રની જેમ, તે સર્વના ચિત્તરૂપ સરોવરમાં પ્રતિબિંબિત થયો અને સુહૃદ પોતાના મિત્રોની સાથે નગરમાં સ્થાને સ્થાને સ્વેચ્છાપૂર્વક સુખે સંચરવા લાગ્યો. સુશીલ, સૌભાગ્યનું ભાજન અને રૂપવડે કામદેવને પણ જીતનાર એવો તે કુમાર નગરના જે જે માર્ગપર નિર્વિકારપણે ફરતો હતો, ત્યાં ત્યાં તેના રૂપથી મોહિત થયેલી તથા લજ્જા અને ભયથી વિમુખ થયેલી પુરાંગનાઓ પોતાનાં કાર્યોનો ત્યાગ કરીને પોતપોતાના ઘરમાંથી બહાર નીકળી તેની પાસે આવીને તેને વિકારદષ્ટિથી જોયા કરતી હતી. એ વખતે પાછળથી ધનના લોભી તસ્કરો ધોળે દિવસે તેમના શૂન્ય ઘરોમાંથી સર્વ દ્રવ્યનું હરણ કરી જતા હતા. આથી મહાજને એકત્ર થઇને રાજાની પાસે જઇ પોતાના ઘર સંબંધી અને સુમિત્ર સંબંધી વૃત્તાંત નિવેદન કરીને કહ્યું કે—'હે રાજન્! તમારે મહાજનની સાથે જો કાંઇ પણ પ્રયોજન હોય તો નગરમાં ફરતા સુમિત્ર કુમારના સ્વેચ્છાચારીપણાને અટકાવો.' આ અવસરે સુમિત્રના શત્રુ સમાન સંગ્રામાદિક કુમારોએ પણ રાજાની આગળ સુમિત્રના મિથ્યા દોષો પ્રગટ કર્યા. એટલે મહાજન તથા કુમારોનું કથન સાંભળવાથી અને પ્રથમથીજ તેનાપર અપ્રિયપણું હોવાથી રાજા તેનાપર અત્યંત કોપાયમાન થયો. પછી મહાજનને વિસર્જન કરી કોપાયમાન થયેલા અને ભ્રકુટીથી ભીષણ એવા રાજાએ સુમિત્રને સભામાં બોલાવીને કહ્યું કે—'મહાજનનું અનિષ્ટ કરનાર અને દુષ્ટ બુદ્ધિના નિધાન એવા હે કુમાર! કદાચાર પણ તારે મારી ભૂમિમાં ન રહેવું.'

પિતાનો આ પ્રમાણેનો આદેશ પામીને તેણે પોતાની માતાને તે વાત નિવેદન કરી. તે સાંભળતાં તેની માતા પણ ખેદ સાથે અશ્રુપાત કરવા લાગી. પોતાની માતાને દુઃખિત થયેલી જોઇને સુમિત્ર કહેવા લાગ્યો કે—'હે માતા! આમ ખેદ શામાટે કરો છો? મને આદેશ આપો, એટલે હું પરદેશમાં જાઉં.' માતા બોલી કે 'હે વત્સ! જો એમજ હોય તો હું પણ તારી સાથે આવીશ, કેમકે તારા વિના હું રહી શકું તેમ નથી.' કુમાર બોલ્યો કે—"હે માત! તમે અહીંજ રહો, કારણકે અન્ય દેશો વિષમ છે અને તમારૂં શરીર સુકુમાર છે. વળી મારે તો પિતાના દેશનો સર્વથા ત્યાગ કરવાનો છે, નહિ તો રાજા મને હણી નાખશે. કારણકે રાજા કોઇનો મિત્ર હોતો નથી." આ પ્રમાણેનાં મધુર વચનથી સાથે આવવાને તત્પર થયેલી પોતાની માતાને અટકાવીને તેમને પરમભક્તિથી પ્રણામ કરી, વિઘ્નવિદારક એવી તેની શુભ આશીષ્ મેળવી, ખડ્ગ સાથે લઇને સુર, સીધર, સુત્રામ અને સાગર—એ ચાર મિત્રો સહિત સુમિત્રકુમાર નગરીની બહાર નીકળ્યો.

ઉત્તર દિશા તરફ ચાલતાં બહુ ગામ નગરોથી વ્યાપ્ત અને વિવિધ આશ્ચર્યયુક્ત એવી વસુમતીનું અવલોકન કરતાં કાષ્ઠ અને પાષાણને પણ વહન કરનારી, જાણે સાક્ષાત્ દુર્દશા હોય તેવી દુસ્તર અને અત્યંત ગંભીર એવી અતિવેગા

(અતિ વેગવાળી) નામે નદીની સમીપે તેઓ આવી પહોંચ્યા. ત્યાં જળમાં ઊંડી નજર સ્થાપીને જોનાર કોઈ પુરૂષ તે નદીના કિનારાપર તેમના જોવામાં આવ્યો. એટલે તેની પાસે જઈને તેમણે પૂછ્યું કે—'આપ અહીં શું જુઓ છો?' તે બોલ્યો કે—'આજે રાતે ચોરો મારા ઘરેથી બળદ ચોરી ગયા છે, એટલે તેના પગ હું જળમાં જોઉં છું.' તેમણે પુનઃ પ્રશ્ન કર્યો કે—'હે મુગ્ધ! આવા ગંભીર જળમાં પગલાં કેમ દેખાય?' તે પુરૂષ બોલ્યો કે—'અરે અજ્ઞજનો! તમે નથી જાણતા કે વિદ્યા, મણિ અને મહૌષધિના પ્રભાવથી ભૂતળમાં બધું હસ્તામલકવત્ જોઈ અને જાણી શકાય છે.' તેઓ બોલ્યા કે—'હે ભદ્ર! તમે કહો છો તે સત્ય છે, પરંતુ દૃષ્ટિને અગોચર એવું પગલું તમે પાણીની અંદર શાથી જોઈ શકો છો?' તે બોલ્યો કે—'ગુરૂએ મને એક વિદ્યા આપી છે, તેના પ્રભાવથી છ મહિના સુધીનાં દ્વિપદ અને ચતુષ્પદોનાં પગલાં સર્વત્ર હું જોઈ શકું છું.' આ પ્રમાણેનાં તેનાં વચનો સાંભળીને વિસ્મયથી લોચન વિકસિત કરી તે કુમારો પરસ્પર કહેવા લાગ્યા કે—'અહો! આ તો બહુ આશ્ચર્યની વાત છે.' એવામાં કોટવાળના પુત્ર સીધરે સુમિત્રને કહ્યું કે—'હે કુમાર! એને પૂછો કે કોઈ રીતે એ વિદ્યા આપે તેમ છે?' એટલે સુમિત્રે તેને વિનયથી પૂછ્યું કે—'હે મહાનુભાવ! આ અસાધારણ વિદ્યા આપીને આપ કોઈના પર ઉપકાર કરો તેમ છો?' તે બોલ્યો કે—'હે વત્સ! હું વૃદ્ધ હોવાથી નિરંતર એજ ચિંતવન કરૂં છું કે, જો કોઈ પાત્ર મળે તો આ વિદ્યા તેને આપું. પરંતુ બહુ વખત સુધી પરીક્ષા કરીને પછી આ વિદ્યા આપવાની છે, તે શિવાય આપવાની નથી. કારણકે, વિદ્યા એ અમૂલ્ય રત્ન કહેવાય છે.' એ પ્રમાણેનું તેનું વચન સાંભળીને સીધરે સુમિત્રને કહ્યું કે—'હે મહાનુભાવ! આપની આજ્ઞા હોય તો હું આ વિદ્યા ગ્રહણ કરૂં. વળી હું આપનો નિરંતરનો સેવક છું, એટલે જો તે વિદ્યા મારી પાસે હશે તો આપનાજ ઉપયોગમાં આવશે, સુમિત્ર બોલ્યો કે 'હે મિત્ર! તું સત્ય કહે છે, તથાપિ તારો વિયોગ સહન કરવાને હું અસમર્થ હોવાથી તને અનુજ્ઞા આપી શકતો નથી, સીધર બોલ્યો કે 'જો એમ હોય તોપણ અહીં લાભાલાભનો વિચાર કરવાની જરૂર છે. વિદ્યાપ્રાપ્તિને માટે વારંવાર આવો યોગ મળવાનો નથી. વિનયાદિ ગુણોથી એને વશ કરી વિદ્યા મેળવીને છ મહિનાની અંદર હું પાછો તમને મળીશ, માટે મને અનુજ્ઞા આપો, વિચારજ્ઞ કુમારે આ પ્રમાણેનાં તેનાં વચન સાંભળીને તેનો વિયોગ સહન કરવાને અસમર્થ છતાં તેને અનુજ્ઞા આપી, અને તેના માટે તે વિદ્યાસિદ્ધ પુરૂષને તેણે વિજ્ઞપ્તિ કરી કે–'હે સ્વામિન્! મારો મિત્ર તમારો શિષ્ય થાય છે, માટે તેની આશા સફળ કરો.' તેણે પણ પોતાની સંમતિ દર્શાવી. પછી સીધરને તેની પાસે મૂકીને વિશાળ બુદ્ધિવાળો સુમિત્ર બીજા મિત્રો સહિત ચાલતો થયો. અપૂર્ણ.

## જિનપ્રતિમામાં બાહ્ય દેખાવમાં થયેલો ફેરફાર.

જિનેશ્વરની પ્રતિમા તેમની શાંત વૃત્તિને યથાર્થ બતાવી આપનાર છે. તેની રચના એવી અદ્‌ભુત કરવામાં આવી છે કે તેની સામે એક ચિત્તે જોવા માત્રથી પણ જો હૃદયમાં અન્ય વિકાર ન હોય તો અવશ્ય શાંતિ પ્રકટે છે. આવી અપૂર્વ મુદ્રામાં કેટલાએક કારણસર બાહ્ય ફેરફાર કરવામાં આવેલો છે કે જે ખાસ વિચાર કરવા યોગ્ય છે.

જિનબિંબને ચક્ષુ અને ટીલું એ તો શાસ્ત્રોક્ત જણાય છે. ચક્ષુ દિગંબરોથી શ્વેતાંબર મૂર્ત્તિને જુદી પાડનારી ખાસ નિશાની છે અને ટીલાં તો દમયંતીએ પૂર્વભવે ૨૪ પ્રભુને રત્નના કરાવ્યાં હતાં, જેથી આ ભવમાં તેને સૂર્ય જેવું પ્રકાશિત ભાળતિલક સ્વાભાવિક શરીરમાંજ પ્રાપ્ત થયું હતું–એટલા પરથી સિદ્ધ થાય છે. ચક્ષુમાં પણ બહુ જાડાઇવાળા ચક્ષુ ચોટવામાં આવે છે તે મૂર્ત્તિના દેખાવમાં ફેરફાર કરી નાખે છે તેથી તેને માટે બંગાળા તરફ ચોડાતાં તદન પાતળા ચક્ષુ પસંદ કરવા લાયક છે. ટીલાંની સાથે ભાળ ચોડવાની પ્રવૃત્તિ થઇ ગઈ છે તે કોઇપણ રીતે પસંદ કરવા લાયક નથી. એવડું મોટું ભાળ ચોડતાં રાળ વિગેરે લગાવવામાં કેટલી આશાતના થાય છે અને તે ઉખેડતાં ટાંકણાંવડે કેટલી આશાતના કરવામાં આવે છે તે લખતાં કલમ અટકી પડે તેવું છે.

ચક્ષુ ટીલાંથી આગળ ચાલતાં અને ભાળને બાદ કરતાં મુખના તંબોળનો વારો આવે છે. જાડી રાળની વાટ કરીને કરવામાં આવતું તંબોળજ ગેરવ્યાજબી છે, તો પછી તે તંબોળની ઉપર પણ જડતર કરવું અથવા જુદું જડતર કરાવી તંબોળને સ્થાનકે ચોડવું એ કેટલું અઘટિત છે તેનો વિચાર કરવો જોઇએ. જડતરવાળું તંબોળ જોઇને ભાવના શું ભાવવી? શું પ્રભુના દાંત દેખાય છે કે જેનાપર સોનું જડેલ હોય? અથવા તે જડતર શું સૂચવે છે?

હવે તેથી નીચે ઉતરતાં શ્રીવચ્છ ને બીંબીનો વારો આવે છે. બીંબી એટલે શું? તે શામાટે ચોડવી? આમાં યોગ્ય દેખાવ કરતાં અયોગ્ય દેખાવ કેટલો થાય છે? બીલકુલ વિચાર કર્યા સિવાય ગાડરીઆ પ્રવાહની જેમ એકે કર્યું તેમ બીજાએ કર્યું, એવી રીતે આ પ્રવૃત્તિ શરૂ થયેલી લાગે છે, તેથી તે તો સર્વથા અટકાવવા યોગ્ય જણાય છે.

શ્રીવચ્છનું ભગવંતના હૃદયમાં ચિન્હ હતું. આપણા હૃદયમાં તો ખાડો હોય છે, પરંતુ ઉત્તમ પુરૂષના હૃદયમાં શ્રીવચ્છને સ્થાનકે ઉચ્ચ ભાગ હોવાનું કેટલાક લેખપરથી સાબીત થાય છે. એટલે તેમાં બીજો સવાલ નથી, પરંતુ તેને બહુ ઉંચું ચોડવું તે તો કુદરતી દેખાવમાં ઉલટી ક્ષતિ કરે છે એમ જણાય છે.

હવે નવે અંગે ચોડવામાં આવતા ચાંડલા તરફ દૃષ્ટિ જાય છે, આ ચાંડલાઓ ચોડવાની શરૂઆત કેશરની બહુળતાથી કેટલીક પ્રતિમાઓનાં અંગોમાં ખાડા અને કાણા પડી જવાને લીધે તે સ્થાનકે ચાંદીનું પતરૂં ચોડી રાખવાના કારણથી થયેલી જણાય છે. ક્રમે ક્રમે પ્રતિમાજીને નવે અંગે ચાંડલા ચોડવાનું શરૂ થઇ ગયું છે. તેમાં પણ કેટલાક ચાંડલા તો સોનાના અને તેપણ જડતર કરેલા ચોડવામાં આવે છે. આમ થવાથી બરાસ વિગેરેનું વિલેપન કરતાં જે આનંદ આવવો જોઇએ તે તો નષ્ટ જ થઇ ગયો છે. આખે શરીરે એક સરખું વિલેપન થઇ જ શકતું નથી. અને પ્રભુને શરીરે રાળ તપાવીને ચાંડલા ચોડવા, ટાંકણાવડે ઉખેડવા, ચોટી ગયેલી રાળ ઉખેડવી, આ બધાં કાર્યો કેવા આશાતનાયુક્ત છે તેનો વિચાર કરતાં તેવા ચાંડલાની બીલકુલ આવશ્યકતા જણાતી નથી. માત્ર ઉપર જણાવ્યા પ્રમાણે કેશરની ગરમીના નિવારણને માટે અમુક સ્થાને ચાંદીનું પતરૂં ચોડવામાં આવે તો જુદી વાત છે. પરંતુ તે પણ જો તેનું મૂળ કારણ જે કેશરની ગરમી છે, તેજ દૂર કરવામાં આવે તો જરૂર વિનાનું છે. પ્રભુની પૂજા તો ચંદનાદિ શીતળ દ્રવ્યવડે કરવાની છે અને તેના વડે આત્મિક શીતળતા માગવાની છે. કહ્યું છે કે:—

વિષય કષાય દાવાનળે, વાસિત સકળ સંસાર;
તાસ શીતળતા કારણે, પ્રભુ ચંદનપૂજા સાર.

આ પ્રમાણે છતાં કેશર તો માત્ર સુગંધની વૃદ્ધિ માટે અને વર્ણની સુંદરતા માટે વાપરવાનું શરૂ થતાં સ્વામિત્વ તેને મળી ગયું છે, અને ચંદનની ગૌણતા થઇ ગઇ છે. આ તો પ્રસંગે કહેવાણું. મૂળ હકીકત તો ચાંડલા ચોડવા સંબંધી છે, તે પણ આવશ્યકતા વિનાના જણાય છે અને ખરી રીતે વિચારતાં પ્રતિમાની મૂળ આકૃતિના દેખાવમાં તે ફેરફાર કરી નાખનાર છે.

ચાંડલાથી આગળ ચાલતાં પ્રભુના શરીરને શોભાવવા માટે કટોરીઓ ચોડવાની પ્રવૃત્તિ શરૂ થઇ છે તે તરફ દૃષ્ટિ જાય છે. આ પ્રવૃત્તિ પણ દેખાદેખીએ ચાલેલી જણાય છે અને તે પણ પ્રભુની આકૃતિની સુંદરતામાં વધારો કરતી નથી, પરંતુ તેના વાસ્તવિક શાંત દેખાવમાં ક્ષતિ કરે છે.

આટલી હકીકત આ બાબતની ચર્ચા ચલાવવા માટે જ લખવામાં આવી છે. તેથી જે કોઈ જુદા વિચારવાળા હોય તે બંધુઓએ પોતાના વિચાર યુક્તિ તથા આધાર સાથે જણાવવા તસ્દી લેવી કે જે પ્રસિદ્ધ કરવામાં આવશે અને તેથી નિર્ણય કરવામાં સવળતા થશે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## પર્યુષણા નિર્ણય.

ચાલતા વર્ષમાં બે ભાદ્રપદ માસ હોવાથી સ્થાનકવાસી, લોંકાગચ્છી તથા ખરતર ગચ્છી વિગેરેએ પ્રથમ ભાદ્રપદ માસમાં પર્યુષણા-સંવત્સરી કરી છે. તપગચ્છીને બીજા ભાદ્રપદ શુદિ ૪ ની સંવત્સરી હોવાથી હવે પર્યુષણ કરવાના છે. પહેલા કે બીજા ભાદ્રપદમાં સંવત્સરી કરવાને સંબંધે લખવાની જરૂર એટલા માટે પડી છે કે તેને માટે કેટલાક હેંડબીલો બહાર પડ્યા છે. તેમાં જે 'દલીલ પ્રથમના ૫૦ ને બદલે ૮૦ દિવસ થાય છે' એમ કરવામાં આવી છે તેજ દલીલ પાછળના ૭૦ ને બદલે ૧૦૦ દિવસ થવામાં પોતાને નડે છે કે કેમ ? તેનો વિચાર કરવામાં આવ્યો નથી. તેમજ જ્યારે બે અશાડ માસ હોય છે ત્યારે પહેલા અશાડમાં ચોમાસી ચૌદશ કરવાથી તેમને ૮૦ દિવસે પર્યુષણા થાય છે અને બીજા અશાડમાં કરે તો પોતાનીજ કૃતિ પોતાને નડે છે, તેનો પણ વિચાર કર્યો નથી. તે સાથે અધિક માસ ન ગણવા સંબંધી દલીલ ઉપર પણ ધ્યાન આપ્યું નથી.

અધિક માસ ન ગણવાનો અર્થ એવો નથી કે તે માસની તિથિઓ ન પાળવી કે તે માસમાં કરેલ પુણ્ય પાપ લાગે નહીં, આ તો કુયુક્તિઓ છે. પરંતુ અધિક માસમાં વાર્ષિક પર્વ ગણાતી સંવત્સરી કરવી કે નહીં? તેનોજ વિચાર કરવાનો છે. અનેક આચાર્યોએ અધિક માસ ન ગણવાનું કહેલું છે. વળી તેજ કારણને લઇને ચોમાસી પ્રતિક્રમણમાં અધિક માસ આવ્યો હોય છતાં પાંચ માસ કે સંવત્સરી પ્રતિક્રમણમાં તેર માસ કહેવામાં આવતા નથી. આ શું સૂચવે છે ? તેનો વિચાર કરવાયોગ્ય છે.

જૈન શાસ્ત્રકારસિવાય અન્ય દર્શનીઓ પણ (માત્ર મુસલમાનને બાદ કરીને) અધિક માસમાં પોતાના પર્વો કરતા નથી. અધિક માસને જ્યોતિષ વાળા મળમાસ કહે છે. આટલેથીજ બસ થતું નથી, પરંતુ કુદરત પણ અધિક માસને લેખામાં ગણતી નથી. જુઓ વૃક્ષાદિક પણ જે માસમાં ફળતા હોય છે તે અધિક માસમાં ફળતા નથી. જો અધિક માસ તેઓ ગણતીમાં લેતા હોત તો મુસલમાનોના રમજાન માસની જેમ ઋતુ અને ધાન્યોત્પત્તિ વિગેરેની સ્થિતિ જે અમુક માસ પ્રતિબદ્ધ રહી છે તે ન રહેતાં પલટાઇજ ગઇ હોત. આ હકીકત ખાસ ધ્યાનમાં રાખવા યોગ્ય છે.

પર્યુષણનો શબ્દાર્થ તો મુનિને ચોક્કસ સ્થિતિ કરવાનું સૂચવે છે પરંતુ પર્યુષણા-સંવત્સરી તે વાર્ષિક પર્વ છે. અને તેની અષ્ટાન્હિકા તરીકે પ્રથમના દિવસો લેવામાં આવે છે.

For Private And Personal Use Only

આ હકીકત આશકુને અંગે લખવામાં આવી નથી પરંતુ ન્યાયની અમૂલ્ય ગતિ હોવાથી પોતાને માટે કે અન્યને માટે એકસરખો ન્યાય તોળવો તેજ ધોરણ છે એમ બતાવવા માટે લખવામાં આવેલ છે.

## શેઠ આણંદજી કલ્યાણજીના પ્રતિનિધિઓની અમદાવાદ ખાતે મળેલી વાર્ષિક મીટીંગ.

આ સંસ્થા આખા હિંદુસ્થાનના શ્વેતાંબર સંપ્રદાયની છે, અને તેની કાર્યવ્યવસ્થા માટે આખા હિંદુસ્થાનના શ્રી સંઘ તરફથી સો ઉપરાંત પ્રતિનિધિઓ મુકરર કરવામાં આવ્યા છે. તે સંસ્થાના તાબામાં અમદાવાદ, પાલીતાણા, ભાવનગર, છાપ્રીયાળી, જુનાગઢ અને રાણકપુર—એમ છ પેઢીઓ છે. તેને માટે દરવર્ષે બે અથવા ચાર ઓડીટરો નીમવામાં આવે છે. તેઓ હીસાબ તપાસીને રીપોર્ટ કરે ત્યારપછી અનુકૂળ સમયે વાર્ષિક સાધારણ સભા અમદાવાદ ખાતે બોલાવવામાં આવે છે. મુખ્ય પેઢી અમદાવાદ રાખવામાં આવી છે, અને ત્યાં ખાતે નવ વહીવટ કરનાર પ્રતિનિધિઓ ઠરાવવામાં આવ્યા છે. તેઓ આ સંસ્થાનું કામ તન, મન, ધનથી વખતનો અસાધારણ ભોગ આપીને કર્યા કરે છે. આ સંસ્થાના કાર્યવાહકો એક વર્ષમાં જેટલી મીટીંગ મેળવે છે અને જેટલો વખતનો ભોગ આપે છે તેટલો કોઇ પણ જાહેર સંસ્થા માટે અપાતો જોવામાં આવતો નથી. તે ખાતે વહીવટ કરનાર પ્રતિનિધિઓને ખરેખરો ધન્યવાદ ઘટે છે.

ગયા શ્રાવણ શુદ ૯ ને શુદ ૧૦ એ બે દિવસ મુકરર કરીને બહારગામના દરેક પ્રતિનિધિઓને એક માહીના અગાઉથી આમંત્રણ મોકલવામાં આવ્યા હતા. બહારગામથી ૧૯ પ્રતિનિધિઓ પધાર્યા હતા. પહેલે દિવસે સંવત ૧૯૭૦–૭૧ ની સાલનું છએ પેઢીનું સરવૈયું ને ઉપજ—ખર્ચ વાંચવામાં આવ્યા હતા અને ઓડીટરોનો રીપોર્ટ વાંચવામાં આવ્યો હતો. રીપોર્ટની અંદર કરેલી સૂચનાઓની બાબતમાં પરચુરણ ઠરાવો કરવામાં આવ્યા હતા અને એ બે વર્ષનો હીસાબ ને રીપોર્ટ મંજુર કરવામાં આવ્યા હતા.

બીજે દિવસે સંવત ૧૯૭૨–૭૩ નો હિસાબ તપાસવા માટે ચાર ઓડીટરો નીમવામાં આવ્યા હતા અને આ પેઢીના ચોપડા કોઈ પણ જૈનબંધુને જોવા—તપાસવા માટે ખુલ્લા છે એમ જાહેર કરવામાં આવ્યું હતું. તેમજ તે હકીકત જાહેર કરવાને ફરમાન પણ કરવામાં આવ્યું હતુ. તે સાથે કેટલાક જૈન બંધુઓએ હિસાબની પદ્ધતિ વિગેરે તપાસીને બતાવેલો સંતોષ જાહેર કરવામાં આવ્યો હતો.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મૂળનાયકની પહેલી પૂજાને અંગે ચર્ચા ચાલી હતી. પરંતુ કેમ કરવાથી તે સં. બંધી કુસંપ ઓછો થાય અને સર્વને સંતોષ મળે તેવો માર્ગ ન નીકળવાથી હજુ એ બાબત વધારે ચર્ચામાં મૂકવી ઠરી હતી. અને તે સંબંધમાં જે જે ગામના સંઘો, સંસ્થાઓ તેમજ વ્યક્તિઓ અભિપ્રાય જાહેર કરે તેનો સંગ્રહ કરી ફરીને વિચાર પર લેવાનો ઠરાવ થયો હતો.

શ્રી જુનાગઢથી શેઠ હરખચંદ નેમચંદ વિગેરે છ ગૃહસ્થો પધાર્યા હતા. તે. મની લેખી માગણી તો શેઠ દેવચંદ લક્ષ્મીચંદનો વહીવટ પાછો પોતાને સ્વાધીન કરવાની હતી, પરંતુ તે પ્રકાર અનેક કારણોથી બની શકે તેવો ન હોવાથી તેમની અંતરંગ ઇચ્છા અનુસાર ત્યાંના વહીવટની દેખરેખ રાખવા માટે એ ગૃહસ્થોની સ્થાનિક કમીટી નીમી આપી હતી અને તેમને ખર્ચના સંબંધમાં તેમજ નોકરોની બહાલી બરતરફીના સંબંધમાં અમુક સત્તા આપી હતી. આ પ્રમાણે થવાથી આવ-નાર ગૃહસ્થોનું મન પ્રસન્ન થયું હતું અને તેમની સાથે થયેલ વૈમનસ્ય નાશ પામ્યું હતું.

શ્રી સમેતશિખર તીર્થના સંબંધમાં ખર્ચને અંગે સવાલ મૂકવામાં આવ્યો હતો. તે બાબતમાં શેઠ આ. ક. ના વહીવટ કરનાર પ્રતિનિધિઓને પ્રથમ આપેલી સત્તા વિશેષ દ્રઢ કરવામાં આવી હતી.

આ સિવાય બીજા પણ કેટલાએક જરૂરી ઠરાવો થયા હતા. ત્યારબાદ બહાર ગામથી પધારેલા પ્રતિનિધિઓનો આભાર માનીને મીટીંગ બરખાસ્ત કરવામાં આવી હતી.

બહાર ગામથી પધારેલા પ્રતિનિધિઓનો સારો સત્કાર કરવામાં આવ્યો હતો, અને વર્ષમાં એકવાર ભરાતી મીટીંગમાં બહારગામથી વધારે પ્રતિનિધિઓ પધારે એવી ઇચ્છા જાહેર કરવામાં આવી હતી.

## श्री आगमोदय समिति तरफनो खुलासो.

શ્રી આગમોદય સમિતિ તરફથી બહાર પડેલા છેલ્લા હેંડબીલો ઉપરથી તેના આશયમાં સમજફેર થવાને લીધે કેટલાક મુનિ મહારાજને એ પ્રવૃત્તિ અયોગ્ય લાગી છે, તેથીજ કેટલીક ચર્ચા ઉત્પન્ન થઈ છે, તેના શાંત્વનને માટે આ ખુલાસો બહાર પાડવાની સમિતિના કાર્યવાહકોને આવશ્યકતા જણાણી છે.

સદરહુ હેંડબીલમાં ગ્રાહક તરીકે નામ નોંધાવવા ઇચ્છનારે રૂ. ૧૦ દરેક

For Private And Personal Use Only

નકલે ડીપોઝીટ તરીકે મોકલવાનું જાહેર કરવામાં આવ્યું છે. આ ડીપોઝીટ પ્રવેશક ફીની જેવું છે. પરંતુ પ્રવેશક ફી પાછી આપવામાં આવતી નથી અને આ ડીપોઝીટની રકમ તો જ્યારે ગ્રાહક તરીકે રહેવાની ઇચ્છા બંધ થાય તેજ વખતે પાછી આપવાની છે. વળી આ ડીપોઝીટ કોઇ મુનિમહારાજના નામથી લેવાતું નથી, કોઈ પણ ગૃહસ્થ અથવા સંસ્થાના નામથી લેવાનું છે કે જેની ઉપર તેની માગણી પ્રમાણેની નકલો વેલ્યુપેબલ કરીને મોકલી શકાય. આવી રકમ કોઇ પણ મુનિએ પોતાના નામથી મોકલી હોય તો તેમાં તેની ભૂલ છે. આ ડીપોઝીટની અંદર કોને માટે તે નકલો લેવાની છે તેના નામો સૂચવવાનું ઠરાવવામાં આવ્યું છે.તેનું કારણ માત્ર કોઇ મુનિરાજનું નામ ભેવડાઇ ન જાય અને વધારા પડતી નકલ એક ઠેકાણે ન જાય તે છે. તે સિવાય અન્ય હેતુ નથી. વળી આવી રીતે ગૃહસ્થને પ્રેરણા કરીને ડીપોઝીટની રકમ મોકલવામાં મુનિને પરિગ્રહધારીપણું પ્રાપ્ત થતું હોય એમ અમને લાગતું નથી. કારણ કે પુસ્તકો લખાવતાં લહીઆઓને, તેમજ વ્યાકરણ કાવ્ય કોષાદિકની બુકો મંગાવતાં બુકસેલરોને ગૃહસ્થો મારફતજ દ્રવ્ય મોકલવાની વ્યવસ્થા અઘાપિ કરવામાં આવે છે. કદી આ ડીપોઝીટની રકમ વધારા પડતી લાગતી હોય તો તેને માટે ફરીને સમિતિની મીટીંગ મળશે ત્યારે તે દલીલ ધ્યાનપર લેવામાં વાંધો નથી. હવે આ ડીપોઝીટનો માર્ગ શા માટે સ્વીકારવો પડ્યો તેનું કારણ જણાવવાનું બાકી રહે છે. તે કારણ એ છે કે આજ સુધીમાં સમિતિ તરફથી બહાર પડેલા સૂત્રોની નકલો કેટલાક મુનિરાજ વિગેરેને નહીં મળી શકવાથી ઘણા પત્રો ઠપકાના આવ્યા તેથી હવે પછી તેવી ફર્યાદનું કારણજ ઉત્પન્ન ન થાય અને ડીપોઝીટવાળા તમામ ગ્રાહકને એક સાથે દરેક સૂત્રની નકલો મળ્યાજ કરે તેટલા માટે આ માર્ગ સ્વીકારવામાં આવ્યો છે. આમાં કાંઇ કોઇ પ્રકારની નવી આવક વધારવામાં આવી નથી, તેમ તેવો હેતુ પણ રાખવામાં આવ્યો નથી. છતાં ડીપોઝીટની રકમનું વ્યાજ ઉત્પન્ન થશે તો તે જ્ઞાનખાતામાં જવાનું છે અને તેને અંગે દરેક ડીપોઝીટરના ખાતાં રાખવા વિગેરે કામ વધવાનું પણ છે.

છેવટે એક હકીકત ભેટ આપવાના સવાલને અંગે જણાવવાની બાકી રહે છે. સમિતિની સ્થાપનાને વખતે જેને જેને ભેટ આપવાનું ઠરાવવામાં આવેલ છે તેમને અવિચ્છિન્ન ભેટ આપવામાં આવે જ છે; સિવાય કેટલાક અન્ય મહાત્માઓને તેમજ સમિતિના કાર્યમાં આર્થિક સહાય અપાવનાર મુનિરાજને ભેટ આપવાનો સવાલ છેલ્લી મીટીંગ વખતે ઉપસ્થિત થયો હતો, પરંતુ મુનિઓને ભેટ આપવાનું કામ એટલું બધું મુશ્કેલ જણાયું કે જેમાં પહોચી શકાય તેમજ સૌને રાજી રાખી શકાય તેવું ન લાગ્યું તેથી તે સવાલ તરતમાં છોડી

હાલમાં એ માસના તહેવારોમાં એકેક નકલ ભેટ આપવાનું પસાર કરવામાં આવ્યું અને તે કલ્પસૂત્ર પણ [illegible] વધારે [illegible] એ રીતે વધારે નકલો [illegible]નું પણ નિશ્ચય થયું છે કે જેથી મુનિરાજોને જ્યાં જાય ત્યાં દરેક સૂત્ર મળી શકે અને તે પ્રતોનો લાભ અનેક સાધુ સાધ્વીઓને મળે.

આ પ્રમાણેનો સમિતિના કાર્યવાહકો તરફનો ખુલાસો પ્રકટ થયા પછી પણ કોઈ પ્રકારની ગર્ભિત બાબતોમાં રહેશે તો તેના ઉપર ધ્યાન આપવામાં આવશે અને ફરી ખુલાસો બહાર પાડવામાં આવશે.

આમાં કોઈપણ પ્રકારનો દુરાગ્રહ છે એમ માનીને સમિતિના કાર્ય તરફ અભાવની દ્રષ્ટિએ જોવાનું નથી. કારણકે કાર્યવાહકો છદ્મસ્થ છે તેથી તેઓ કદિ કાંઈ ભૂલ કરે તો તે સુધારવાનું સમુદાયનું કામ છે. આ સંસ્થા કાંઇ અમુક વ્યક્તિની માલેકીની નથી એટલું ધ્યાનમાં રાખવું.

## શ્રી મહાવીર જૈનવિદ્યાલયનો દ્વિતીય વાર્ષિક રિપોર્ટ.

( તા. ૧ લી જુન ૧૯૧૬ થી ૩૧ મી મે ૧૯૧૭ સુધીનો )

આ રિપોર્ટ હાલમાં મળતાં તે સાદ્યંત વાંચવામાં આવ્યો છે. આ વિદ્યાલય માત્ર બે વર્ષની અંદરજ એક નમુનેદાર વિદ્યાલય બન્યું છે. તેને માટે તેના કાર્યવાહકોને ધન્યવાદ ઘટે છે. રિપોર્ટ તમામ હકીકતોથી ભરપૂર બનાવવામાં આવ્યો છે, તેથી તેવા પ્રકારનું નવું કાર્ય શરૂ કરનારને તમામ હકીકત પૂરી પાડે તેવો છે. તેની અંદર આંતર વ્યવસ્થાને માટે જે વીશ બાબતો જુદી પાડી દરેકને માટે વિદ્યાર્થીઓનેજ સેક્રેટરી બનાવ્યા છે તે ખાસ અનુકરણીય હકીકત છે. આ પ્રમાણે થવાથી સર્વે વ્યવસ્થા બહુ સુંદર રહી શકે છે.

આ વિદ્યાલયની અંદર દરવર્ષ બોર્ડરોની સંખ્યામાં વધારો કરવામાં આવે છે. ૧૯૧૭–૧૮ ને માટે ૩૬ બોર્ડરો દાખલ કર્યા છે, અને હજુ આગળ ઉપર વધારે સંખ્યામાં રાખવાની ઇચ્છા જણાવી છે. બે વિદ્યાર્થીઓને આ વિદ્યાલયને ખર્ચે પુના એન્જીનીયર કોલેજમાં અભ્યાસ કરવા મોકલવાનું પગલું વધારે સ્તુતિપાત્ર ભર્યું છે. એ પ્રકાર વૃદ્ધિંગત થવાથી આ વિદ્યાલય વધારે લાભ આપી શકશે.

ઉપજ ખર્ચનો હીસાબ તપાસતાં આ વર્ષ જો કે દશહજારનો વધારો પડ્યો છે અને વિદ્યાલય સુમારે ૩૫ હજારની આર્થિક સંપત્તિ ધરાવતું થયું છે, પરંતુ તે રકમ આવા વિદ્યાલયને માટે બહુ જ અલ્પ છે. તેના વાર્ષિક ખર્ચ તરફ અને વિ-

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

For Private And Personal Use Only